

# વાયડામિત્ર

વર્ષ : ૯૮ અંક : ૪ એપ્રિલ – ૨૦૨૦
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)

## રામનવમીની ખૂબ ખૂબ શુભકામનાઓ



With Best compliment form

## Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

Address

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**એપ્રિલ - ૨૦૨૦, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૮, અંક–૪**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિધ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.
ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

ડી/૬૦૨, વિષ્ણુધારા ગાર્ડન્સ, ઈલોગીયા હોટલ પાછળ,
ઓફ એસ.જી. હાઈવે, ગોતા–જગતપુર રોડ, અમદાવાદ–૩૮૨૪૭૦
ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ–મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં :** રૂા. ૫૦૦૧/– સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# આફ્રિકન ડાયરી ૬ – ટોલીબેબી નો જાદુ



ચાર સપ્તાહ ભારતમાં વીતાવી ડીસેમ્બર, ૧૯૮૫માં લાગોસ પાછા ફર્યા. ફરીથી રૂટીન કામકાજ ચાલુ થઈ ગયું. ફેક્ટરીમાં ફીડીંગ બોટલનો મોટો સ્ટોક જમા થઈ ગયેલ. પ્રોડક્શન અટકાવી દીધેલ. તે સિવાય GPPS પ્લાસ્ટીકમાંથી બનતા ક્રીમ જારના મોલ્ડ અમારી પાસે હતા. ૫૦ ગ્રામ અને ૧૦૦ ગ્રામ એમ બે સાઈઝના જાર બનાવવાનું ચાલુ કર્યું પરંતુ ગ્રાહક મળતા ન હોતા, તે દરમ્યાન અમારા એક ડાયરેક્ટર સુનિલભાઈ નવો આઈડીયા લાવ્યા. ક્રીમજારમાં ટેબલ સોલ્ટ ભરી, પેક કરી ફૂડ આઈટમ તરીકે માર્કેટમાં મુકયા પરંતુ તે પણ ચાલ્યું નહીં.

ફૂડ આઈટમના પ્રોજેક્ટનું હજુ કાંઈ ઠેકાણું ન હોતું. તેથી લોકલ માર્કેટમાંથી પોટેટો વેફર બનાવવા માટે ફ્રાયર, પોટેટો પીલીંગ મશીન વિ. મશીનો લાવી વેફર બનાવવાનું શરુ કર્યું. અલગ અલગ ફ્લેવરર્સના એસેન્સ લાવી નવી વેરાયટીઓ માર્કેટમાં મુકી. વેફર બનાવતા તેની અડધી જ જેમ તેમ કરીને વેચી શકતા. બાકીની વધેલી વેફર ડાયરેક્ટર તેમને ઘેર લઈ જઈ ઓળખાણમાં સેમ્પલ તરીકે આપી આવતા. વધારાની હું અને વિનોદભાઈ ઘેર લઈ જતા અને મિત્રોને વહેંચી આપતા. આખરે આ પ્રોજેક્ટ પણ પડતો મુકવો પડયો. ટેબલ સોલ્ટ ભરેલા જાર પણ માથે પડયા. હવે શું કરવું ?

પ્લાસ્ટીક મશીનો દિવસ રાત ચલાવવા પડે એ હિસાબે અમારી ફેક્ટરી ૨૪ કલાક ચાલુ રહેતી. ફીડીંગ બોટલ, ટેબલ સોલ્ટ જાર અને પોટેટો વેફરના વેચાણમાં નિષ્ફળતા મળતાં નક્કી કર્યું કે નાઈટ શીફ્ટ બંધ કરી માત્ર દિવસમાં જરૂર પ્રમાણે મશીનો ચલાવવા. વધારાના કામદારોને રજા આપવી પડી.

બે ત્રણ દિવસ આ રીતે ચલાવ્યું ત્યાં અચાનક લોકલ કંપની ટોલીબેબી બ્રાન્ડ વેસેલીન અને સ્ક્રીનક્રીમ વેચાણ ધરાવતા કંપનીના માલિક અમારી ઓફીસમાં આવ્યા તેમને અમારા ૧૦૦ ગ્રામ ક્રીમજારમાં રસ પડયો. ત્યારે અમારી પાસે ક્રીમ જાર બનાવવાનું એક જ મશીન હતું અને દિવસના ૨૪ કલાકમાં લગભગ ૧૦ હજાર જાર બનતા. તેમણે

મહીનાના ૩ લાખનો ઓર્ડર આપ્યો સાથે એડવાન્સમાં ચેક પણ આપ્યો.

બીજા દિવસથી બધા કામદારોને પાછા બોલાવી લીધા અને ૨૪ કલાક પ્રોડક્શન ચાલુ કરી દીધું. આ એક પ્રોડક્ટ ૧૦૦ ગ્રામ જાર અમારા માટે લોટરી બની ગઈ. ટોલી બેબીના અમારા જાર માર્કેટમાં ગયા અને અનેક કંપનીમાંથી ઈન્ક્વાયરીઓ આવવા લાગી.

પશ્ચિમ આફ્રિકામાં નવેમ્બરથી માર્ચ દરમ્યાન હરમાટન સીઝન હોય છે. આ દરમ્યાન સહારા રણમાંથી સુકી અને બારીક રેતી વાળી હવા ફેંકાય છે. હવામાન શિયાળા જેવું ઠડું હોય છે. ખાસ કરીને ઉત્તર નાઈજીરીયાના વિસ્તારમાં આની અસર જોવા મળે છે. શિયાળા કરતાં હરમાટન અમુક રીતે જુદું પડે છે. તાપમાન ૯ ડીગ્રી સે. થી ૩૦ ડીગ્રી સે. જેટલું હોય છે. દિવસ અને રાતના તાપમાનમાં ઘણો ફરક પડે છે. હવામાન એકદમ સુકું થઈ જાય છે. ઘર આખામાં ધૂળના થર જામી જાય છે. ઘણી વખત ધૂળનું તોફાન પણ આવે છે. સૂર્ય દિવસો સુધી દેખાતો નથી. તેને કારણે ફલાઈટ્સ કેન્સલ કરવી પડે છે અને એરલાઈન્સને ઘણુ નુકશાન સહન કરવું પડે છે.

ભેજનું પ્રમાણ ૧૦ થી ૧૫ ટકા થઈ જતાં ચામડી, આંખ અને શ્વાસ લેવાની ક્રિયાને અસર થાય છે. ચામડીને આમાંથી બચાવવા પેટ્રોલીયમ જેલીનો ખૂબ જ વપરાશ થાય છે. ટોલીબેબીએ અમારા ૧૦૦ ગ્રામના જારમાં પેટ્રોલીયમ જેલી પેક કરી બજારમાં મુકી અને અમારા જારને રાતોરાત પ્રખ્યાતિ મળી ગઈ. નાઈજીરીયામાં દર વરસે હજારો ટન પેટ્રોલીયમ જેલીનું ઉત્પાદન થાય છે. જે નાઈજીરીયા ઉપરાંત સહારાના રણની આજુબાજુના દેશો જયાં હરમાટનની અસર જોવા મળે છે ત્યાં પણ વપરાશ થાય છે. આ સીઝનમાં લોકો દિવસો સુધી સ્નાન કરતા નથી માત્ર પેટ્રોલીયમ જેલી આખા શરીરે લગાવી ચલાવે છે.

આમ ટોલીબેબીએ અમારી ફેકટરીને જીવંત કરી. આ દરમ્યાન અમારા બીજા એક ડાયરેકટર લંડન હતા. તેમનું નામ ધીરેનભાઈ. લંડનમાં તેમની લીવર બ્રધર્સ સાથે મીટીંગ થઈ. લીવર બ્રધર્સે પણ ૧૦૦ ગ્રામના જારમાં રસ બતાવ્યો અને બધુ પ્રોડક્શન લેવા તૈયારી બતાવી. લંડનથી પાછા આવી ધીરેનભાઈએ અમને લીવર બ્રધર્સ બાબતે વાત કરી. આ પહેલાં અહીં અમોએ ટોલીબેબીને બધું પ્રોડક્શન આપવા કરાર કરી લીધેલ અને એડવાન્સ પણ લઈ લીધેલ હતો. તેથી તાત્કાલિક અમે બીજા ઈંજેક્શન બ્લો મોલ્ડીંગ મશીન અને ૧૦૦ ગ્રામના જારના મોલ્ડનો ઓર્ડર આપ્યો. મશીન અને મોલ્ડ આવે તે

પહેલાં ટોલીબેબીને બધું પ્રોડકશન આપવા કરાર કરી લીધો અને એડવાન્સ પણ લઈ લીધેલ તેથી તાત્કાલિક અમે બીજા ઇંજેકશન બ્લો મોલ્ડીંગ મશીન અને ૧૦૦ ગ્રામના જારનો મોલ્ડનો ઓડર્ર આપ્યો. મશીન અને મોલ્ડ આવે તે પહેલાં ટોલીબેબી અને લીવર બ્રધર્સને પ્રોડકશન આપવા માટે અનેક બહાના વચ્ચે સંભાળી લીધા.

બીજા ચારેક મહીનામાં બીજા મશીનો અને મોલ્ડ આવી ગયા સાથે સ્ટ્રેચ બ્લો મોલ્ડીંગના મશીન પણ આવી ગયા. ફેકટરી ૨૪ કલક નોન સ્ટોપ ચાલવા લાગી. ફેકટરી હવે વ્યવસ્થિત ચાલતી હતી. વિનોદભાઈએ પણ હવે બરાબર જવાબદારી સંભાળી લીધેલ.

આમ તો ઓરીજીનલ કોન્ટ્રાકટ પ્રમાણે મને બે વરસે ઈન્ડિયાની એરટીકીટ અને રજાનું પ્રયોજન હતું. જે હવે એક વરસનું કરવામાં આવ્યું. અહીં એરટીકીટ બીજા દેશોની સરખામણીએ ઘણી સસ્તી પડતી. મોટાભાગના લોકો વર્લ્ડટુરની ટીકીટ અહીંથી લઈ દુનિયાભરમાં મુસાફરી કરતા. મેં ફેમીલી સાથે રજા ઉપર જવા માટે ભારતની ટીકીટ બુક કરાવી સાથે બેંગકોક, હોંગકોંગ અને સિંગાપોર ફરવાનો પ્રોગ્રામ બનાવ્યો. સપ્ટેમ્બર, ૧૯૮૬ના મધ્યમાં અમો લાગોસથી મુંબઈ જવા એરઈન્ડીયાની ફલાઈટમાં રવાના થયા.

**(ક્રમશ)**

**–અમૃતલાલ વાયડા**

## પ્રેરક પ્રસંગ

એક ઉચ્ચ જ્ઞાતિની સ્ત્રીને એક નીચ જાતિનો બાળક સહેજ અડકી ગયો.

બાળક – બેન, મને ક્ષમા કરજો તમને ભૂલથી અડી જવાયું!

સ્ત્રી – (એક તમાચો મારીને) તો વચમાંથી આઘું મરવું તું ને હવે મારે સ્નાન કરવું પડશે, તો જ શુધ્ધ થઈશ, હું અપવિત્ર થઈ.

બાળક – (આઘો ખસીને) બેન, હું તમને બહારથી અડયો તો તમારે સ્નાન કરવું પડશે ત્યારે તમે શુધ્ધ થશો પણ તમે તો તમારા શરીરમાં ક્રોધરૂપી ચાંડાલને ઉત્પન્ન કર્યો છે અટલે હવે તો તમે સ્નાન કરીને પણ શુધ્ધ નહી થઈ શકો.

તે સ્ત્રી બાળકની માર્મીક વાત સાંભળી બાળકને વહાલથી ભેટી પડી.

## ૨૧મી સદી એટલે સ્ત્રીઓની સદી...



આ સદીમાં પણ દીકરીને સાપનો ભારો સમજનાર પિતા દ્વારા એની સાસરે જતી પુત્રીને લખાયેલો પત્ર (પ્રતિલિપિ દ્વારા આયોજિત પત્ર લેખન સ્પર્ધા માટે લખેલ પત્ર)

દીકરી, આવતીકાલે તું મારા આંગણાને હમેંશને માટે પારકું કરીને પોતાના નવજીવનને શરૂ કરવા જઈ રહી છો ત્યારે હું તારી સમક્ષ કેટલીક કબૂલાત કરવા માગું છું પણ... શબ્દો મારા હોઠ સુધી આવી જ નથી રહ્યા અને જાણે અંતરની ઊંડી ગર્તામાં ધકેલાઈ રહ્યા છે એટલે મેં મારા મનની કેટલીક વણકહી વાત તારા સુધી પહોંચાડવા માટે આ પત્રનો સધિયારો લીધો છે.

તારા હાથમાં જ્યારે આ પત્ર આવશે ત્યારે તને આશ્ચર્ય તો અવશ્ય થશે કે જે પિતાએ અત્યાર સુધી મારા અસ્તિત્વને પણ પૂરેપુરું સ્વીકાર્યું નથી એ આજે આ પત્ર દ્વારા પોતાની લાગણી રજૂ કરી રહ્યા છે... !! પણ.. દીકરી, આ વાત સો ટકા સાચી છે અને એ વાત પણ એટલી જ સાચી હતી કે, તારા જન્મ સમયે હું બે દીકરીઓનો બાપ હતો અને ત્યારે એક દીકરાને ઝંખી રહ્યો હતો. જે મારા વંશને આગળ વધારે. પહેલા બંને વખતે થયેલા સીઝેરિયન બાદ તારી મમ્મીના જીવના જોખમે પણ જ્યારે ત્રીજી વખત પણ દીકરીરૂપે તારો જન્મ થયો ત્યારે હું નિરાશાની ગર્તામાં ધકેલાઈ ગયો અને મારી નિરાશા તારી મારા પ્રેમને પામવાની આશા પર ભારે પડી ગઈ. હું ખરાં હ્રદયથી તને ક્યારેય એ પ્રેમ, લાગણી અને સ્નેહ ન આપી શક્યો જેની તું ખરેખર હકદાર હતી.

તારા જન્મ વખતે સમાજના લોકોની વાતોમાં હું આવી ગયો હતો પરિણામે મેં મારી નાનકડી ઢીંગલીનું બાળપણ ક્યારેય માણ્યું જ નહીં. તારી કાલીઘેલી ભાષા હમેંશા મને દાઝ્યા પર ડામ સમાન લાગતી હતી. તને ખોળામાં લઈને રમાડવું તો દૂર પણ પ્રેમથી ક્યારેય તારા માથા ઉપર હાથ સુધ્ધાં ફેરવ્યો નથી. હમેંશા તારી મોટી બે બહેનો કરતાં તને વ્હાલની સાથે સાથે સુખ સુવિધાઓની વસ્તુઓ આપવામાં પણ અન્યાય જ કર્યો છે. મારી આ ઉપેક્ષા ફક્ત તને જ નહીં પણ તારી મમ્મીને પણ એટલી જ દઝાડતી રહી અને પરિણામે તારા જન્મના સાત વર્ષ બાદ આપણે ચારેને એકલા મૂકીને હમેંશા હમેંશાને માટે આપણાથી દૂર ચાલી ગઈ. એ દુર્ઘટના બાદ મારી તારા પ્રત્યેની નફરત વધુને વધુ

બળવત્તર બનતી ગઈ.

તારી મોટી બે બહેનો આ ઘરમાં હતી ત્યાં સુધી તો આ ઘર ખરાં અર્થમાં ઘર લાગતું હતું પણ એમની સ્વગૃહે વિદાય બાદ તારા પરત્વેના મારા રુક્ષ વ્યવહારને કારણે આપણા ઘરની દિવાલોએ પણ જાણે મૌનની કાચલી ઓઢી લીધી હોય એવું મને હમેંશા પ્રતીત થતું આવ્યું છે અને તને પણ થતું તો રહ્યું જ હશે ને કે, મારાથી એવો તો કયો અપરાધ થઈ ગયો છે જેના કારણે... ખેર, તારો બાપ હોવાને નાતે દુનિયાની દ્રષ્ટિએ હું તારાથી મોટો કહેવાઉં, તારો વડીલ કહેવાઉં... પણ તારા સહનશીલ અને પરગજુપણાના વ્યવહારને કારણે મોટાપણું અને વડીલપણું હરહમેંશ તારા તરફથી જ દેખાયા છે એ વાતને આજે હું કબૂલ કરું છું.

આજે આ મકાનમાં (ઘર તો કહી જ ન શકાય કારણકે મેં તને ક્યારેય આ તારું ઘર છે એવી અનુભૂતિ થવા જ ક્યાં દીધી છે...??) તારો અંતિમ પડાવ છે. આવતીકાલથી તું પારકી થવા જઈ રહી છો ત્યારે રહી રહીને મારા અંતરમાં ટીસ ઉઠે છે કે મેં તને ક્યારેય પોતાની ગણી જ ક્યાં હતી..?? પણ તારી વિદાયની આ વેળાએ મારા હૃદયમાં વાવેલા નફરતના બીજને પૂરી રીતે હલાવી દીધું છે. છેલ્લા બાવીસ વર્ષથી હૃદયના ખૂણે ઠાંસી ઠાંસીને ભરેલી ઘૃણા તને વિદાય આપવાના વિચારમાત્રથી લાગણીના ઝરામાં પલટાઈ રહ્યું છે એવું મને છેલ્લા આઠેક દિવસથી સતત ભાસી રહ્યું છે અને એટલે જ આજે આ પત્ર દ્વારા એની કબૂલાત પણ કરું છું.

જોકે, આ પત્ર તો હું તને આપી શકીશ કે નહીં એની મને ખબર નથી પણ મને એવું લાગી રહ્યું છે કે, આવતીકાલે વાજતે ગાજતે તને લેવા આવનારી જાનને જાણે મારું મન કહી રહ્યું હોય કે, “કોઈ માંડવેથી જાતી જાનને રોકો એ મારી જાનને લઈ જઈ રહ્યા છે.” પણ દીકરી તો સાસરે જ શોભે અને હું ઈશ્વરને પ્રાર્થું છું કે, જે પ્રેમ, લાગણી અને માન તને આ ઘરમાં નથી મળ્યા એ તને તારા પોતાના ઘરમાં અનેકગણાં મળે. આજે વર્ષો બાદ તારાથી જ્યારે હમેંશા દૂર થઈ રહ્યો છું ત્યારે હું એકરાર કરવા માગું છું કે, મારું મન તને અનહદ ચાહે છે. અત્યાર સુધી તારા કોમળ મન અને એની લાગણીઓને ક્યારેય સમજી ન શકવા માટે શક્ય હોય તો મને માફ કરી દેજે મારી દીકરી.....

લિ. તારો અભાગો બાપ....

**– આશા શાહ, ભૂજ, મો: ૯૧૭૩૨ ૧૫૭૭૭**

## ષષ્ઠીદેવી પૂજા



ભારતીય ઉત્સવ સંસ્કારમાં નવજાતશિશુના જન્મ પછી છઠ્ઠા દિવસે છઠ્ઠી પૂજા કરવાનો ઉલ્લેખ છે. આજ દિન સુધી આ સંસ્કાર ચાલી રહ્યો છે. પૂજનનો આ રિવાજ–સંસ્કાર ટકાવી રાખવાનો શ્રેય સૌ બહેનોને, માતાઓને ફાળે જાય છે.

આ સંસ્કારનાં બીજા નામો સૂતિકાષષ્ઠી, ધાવણછટ, દૂગ્ધષષ્ઠી, સ્તન્યષષ્ઠી, છઠીનું ધાવણ વિગેરે પ્રચારમાં છે. વાસ્તવમાં ષષ્ઠીપૂજા વિધાતાલેખ જે વિષ્ણુમાયા છે તે દ્વારા જ પ્રખ્યાતીને પામ્યો છે.

જ્યોતિષ ગ્રન્થોમાં જન્મસૂતક જનનાશૌચ જે ૧૦ દિવસનો કહ્યો છે ત્યાર બાદ ૧૧ દિવસે નામકરણવિધિ અથવા આગળ શુભ મુહુર્ત કરાવી તે દરમ્યાન સૂતકમધ્યે સૂતીસ્નાન ષષ્ઠિકાપૂજનકર્મ માટે આવશ્યક છે તેવી નોંધ મળી આવે છે. જ્યારે આયુર્વેદ ગ્રન્થોમાં ષષ્ઠિગ્રહઃ કુમારાણાં જાયતે દેહનાશનઃ ॥ નો ઉલ્લેખ હોવાથી ષષ્ઠીનામક ગ્રહરોગથી મૂક્ત થવા ષષ્ઠીપૂજાનો ઉલ્લેખ છે.

ધાર્મિકષષ્ઠીદેવી સંસ્કારપૂજા અને આયુર્વેદોક્ત બાલગ્રહરોગની વિગતો આપણે વિગતવાર સમજીયે કારણકે આ વિષય ભૂતગ્રહબાધા વિજ્ઞાન તથા અમાનુષનિષેધ–ભૂતવિદ્યા અંતર્ગત છે. આ સમગ્ર આયુર્વેદવિજ્ઞાનસભર વૈજ્ઞાનિકચર્ચા છે જેના દ્વારા ધાર્મિક ષષ્ઠીદેવી પૂજાને સારી રીતે સમજી શકાય તેમ છે. આ ઉપરાંત ષષ્ઠીદેવી એ રેવતીનું પણ નામ છે. જે જ્યોતિષ અંતર્ગત નક્ષત્રનું નામ છે. આથી રેવતી નક્ષત્રપૂજા અને ષષ્ઠીદેવીપૂજા બન્નેમાં સામંજસ્ય એકરૂપતા છે. આયુર્વેદગ્રન્થોમાં રેવતીનાં ૨૦ નામ મળે છે જ્યારે ધાર્મિકગ્રન્થોમાં ષષ્ઠી માટે દેવસેના, દેવયાની, કાત્યાયની, પરામ્બાદેવી વિગેરે નામ મળી આવે છે.

આ રીતે ષષ્ઠીદેવીની વિશેષરૂપથી માહિતિ અને વર્ણનની નોંધ મળી આવે છે તથા અન્નપ્રાશન અને પ્રસૂતિના સુતકમાં મુક્તિ માટે સવા મહિને ષષ્ઠીદેવી પૂજનની નોંધ પણ મળે છે. આયુર્વેદ તબીબી વિજ્ઞાન આઠ અંગમાં વિભાજીત છે. તેમાં છેલ્લુ અંગ–આઠમું અંગ ભૂતવિદ્યા છે. આયુર્વેદવિજ્ઞાનમાં ભૂત–દેવ–ગ્રહ આ સમાનાર્થી વાચકશબ્દ છે. ભૂતવિદ્યા તબીબીવિદ્યામાં આવવાથી ભૂતગ્રહોનું સ્વરૂપ તથા તેના પ્રકોપના કારણે, પ્રકોપના ફળાદેશ તથા તેની ચિકિત્સા અને શાંતિ વિગેરેનું જ્ઞાન આવી જાય છે.

ભૂતવિદ્યામાં દેવગ્રહ, બાલગ્રહ અને આકાશસ્થ જ્યોતિષ વિજ્ઞાનનાં ૯ ગ્રહોનો અર્થ બોધ સ્પષ્ટ થાય છે. આ શરીર મનને ગ્રહણ કરીને દૂષિત કરે છે. આ રીતે ગ્રહ ગ્રહણના કારણો માં (૧) હિંસાકાંક્ષા (૨) રત્યાકાંક્ષા (૩) અર્ચનાકાંક્ષા કારણો પ્રમુખ રીતે ઊભરી આવે છે અને વેદના-પીડા ઉત્પન્ન કરે છે જેમાં બાળકોના ગ્રહકષ્ટનો સમાવેશ છે.

આયુર્વેદ કહે છે ગ્રહ સંજ્ઞાનિ ભૂતાનિ યસ્માદ્વેત્ત્યનયાભિષક્ ॥ વિદ્યયાભૂતવિદ્યાત્ત્વમત એવ નિરૂચ્યતે ॥ દેવગણો ગ્રહાખ્યઃ ॥ આ રીતે સ્પષ્ટતાપૂર્વક લખાયેલ છે. જ્યારે ગ્રહબાબતે જોઈએ તો ગ્રહણાતીતિ ગ્રહઃ ॥ આ રીતે ઉત્તર મળે છે. દેવગણ એ શત્રુગણ છે. સર્વભૂતોનો અધિપતિ શુલપાણિ મહાદેવ શંકર છે.

બાલગ્રહોની ઉત્પતિ શિવપાર્વતી એ પોતાનો પુત્ર કાર્તિકેય(સ્કન્ધ)ની રક્ષા માટે કરી છે. કાર્તિકસ્વામિ સ્કન્દના પત્નિ દેવસેના છે. તેજ ષષ્ઠીદેવી છે. તેજ દેવયાની, કાત્ત્યાયની, પરામ્બાદેવી છે. દેવસેનાએ બ્રહ્માની માનસપુત્રી છે. જ્યારે સ્કંન્દની બહેન રેવતી છે તે સૂતિકાષષ્ઠી છે. છ મુખવાળી છે. સ્કન્ધની બીજી પત્નિનું નામ વલ્લી છે. આ ઉપરાંત શ્રી કૃષ્ણ સ્વયં કહે છે કે 'સેનાપતિઓમાં હું સ્કન્દ છું.'

આ રીતે ઐતિહાસિક વર્ણન ગ્રન્થોમાં પ્રાપ્ત છે. આ ઉપરાંત સ્કન્દના અન્ય નામો માં ક્રીતિકાપુત્ર, મહાસેનાન-મુરૂગન, સ્વામિનાથન, ષણમુખ, અરૂપાદૈવિ દુ-વેલાન-ગ્રહાન -કુમારન વિગેરે ની નોંધ મળે છે.

દેવગણના ૮ પ્રકાર છે. તે દેવયોનિના ભૂત છે. શત્રુગણ છે. જેમાં દેવ - દૈત્ય - ગંધર્વ - યક્ષ - રાક્ષસ - પિતર - પિશાચ - નાગ નો ઉલ્લેખ મળે છે.

ષષ્ઠીએ સ્કન્દની બહેન છે તે છ મુખવાળી દેવી છે અને તે રેવતી છે. રેવતીનાં પાંચ ભાઈઓ છે તેમાં સ્કન્દ, નંદિકેશ્વરની નોંધ મળે છે. રેવતી જ સંપૂર્ણ ગ્રહ છે. ષષ્ઠીતિથિ પૂણ્યકારક છે. આથી જ રેવતીની પૂજા છે આથી દેવસેનાએ ષષ્ઠીદેવી, રેવતી જ છે. છ માતૃકામાં તેને દેવસેના કહે છે તે કાર્તિકસ્વામીની પત્નિ છે.

બાલગ્રહો જન્મથી ૧૨ વર્ષ સુધી બાધા કરે છે. આથી ૧૨ ગ્રહોના નામો ભૂતવિદ્યામાં પ્રાપ્ત છે તેમાં સ્ત્રીગ્રહ શકુનિ (કુલ ૧૦ નામ મળે છે.) પૂતના (પાંચ નામ મળે છે) શિતપૂતના (૪ નામ મળે છે) દૃષ્ટિપૂતના (૨ નામ મળે છે) મુખમંડલિકા (૨ નામ મળે છે) રેવતી (૨૦ નામ મળે છે) શુષ્કરેવતી આ રીતે ૭ ગ્રહ સ્ત્રી છે જ્યારે પુરૂષગ્રહ માં સ્કન્દ, વિશાખ, મેષ, શ્વગ્રહ, પિતૃગ્રહ આ રીતે પાંચ પ્રકાર છે.

રેવતીનાં ૨૦ નામો જોઈએ તો વારણી, રેવતી, બ્રાહ્મી, કુમારી, બહુપુત્રિકા, શુષ્કા, ષષ્ઠી, યમિકા, ધરણી, મુખમંડિકા, માતા, શીતવતી, કંડુ, પૂતના, રોદની, ભૂતમાતા, લોકમાતા, મહીતિ, શરણ્યા, પુણ્યકીર્તિ આ રીતે કાશ્યપ સંહિતામાં નામાવલિ પ્રાપ્ત છે.

બાળકોમાં ૧૨ વર્ષ સુધી જે જે માતૃકાનું પ્રભૂત્વ છે તેની નોંધ પણ આયુર્વેદ ગ્રન્થોમાં લખાયેલ છે જે અંતર્ગત વિગતવાર જોઈએ તો

| | **બાળક** | **માતૃકા પ્રભૂત્વ** |
|---|---|---|
| ૧ | પ્રથમ દિવસ, પ્રથમ મહિનો, પ્રથમ વર્ષ | નંદા માતૃકા |
| ૨ | બીજો દિવસ, બીજો મહિનો, બીજું વર્ષ | સુનંદા માતૃકા |
| ૩ | ત્રીજો દિવસ, ત્રીજો મહિનો, ત્રીજું વર્ષ | પૂતના માતૃકા |
| ૪ | ચોથો દિવસ, ચોથો મહિનો, ચોથું વર્ષ | મુખમંડિકા માતૃકા |
| ૫ | પાંચમોદિવસ, પાંચમો મહિનો, પાંચમું વર્ષ | કટપૂતના માતૃકા |
| ૬ | છઠ્ઠોદિવસ, છઠ્ઠોમહિનો, છઠ્ઠુ વર્ષ | શકુનિકા માતૃકા |
| ૭ | સાતમો દિવસ, સાતમો મહિનો, સાતમુ વર્ષ | શુષ્કરેવતી માતૃકા |
| ૮ | આઠમો દિવસ, આઠમો મહિનો, આઠમું વર્ષ | અર્યકા માતૃકા |
| ૯ | નવમો દિવસ, નવમો મહિનો, નવમું વર્ષ | સ્વસ્તિકા માતૃકા |
| ૧૦ | દશમો દિવસ, દસમો મહિનો, દસમુંવર્ષ | નિર્ઋતા માતૃકા |
| ૧૧ | અગીયારમો દિવસ, ૧૧મો મહિનો, ૧૧ મું વર્ષ | કામુકા માતૃકા |

આ રીતે મહત્ત્વની નોંધ મળે છે. આયુર્વેદમાં આ સર્વનામો એ રોગ છે તે રીતે વ્યાધિઅંતર્ગત નોંધ લખીને સંપૂર્ણ નિદાન લક્ષણની માહિતિ આપવામાં આવી છે તથા દેવવ્યપાશ્રય ચિકિત્સાની નોંધ લખીને વૈવિધ્યપૂર્ણ ચિકિત્સા પ્રકરણ પણ બતાવ્યું છે.

પરંતુ આપણો મૂળ વિષય ષષ્ઠીદેવી પૂજાને લગતો છે જેમાં બાળકના જન્મ પછી છઠ્ઠાદિવસે ષષ્ઠીદેવી પૂજા – ધાવણછટ ને લગતો છે આથી ધાર્મિક અને સંસ્કારની રીતે તેને લગતી માહિતી જોઈએ જે વંશપરંપરાથી ચાલતી આવી છે આથી આ વિષયમાં વૈજ્ઞાનિકસભર ચર્ચા કરવી જરૂરી બને છે સાથે સાથે જ્યોતિષ અંતર્ગત રેવતી નક્ષત્ર શાંતિ વિષયને પણ ગંભીરતાથી વિચારણામાં લાવીશું.

(સાવશેષ)

શેષવિશેષ :–

(૧) વાયડાજ્ઞાતિનાં પૂર્વજોની વંશપરંપરામાં આયુર્વેદોક્ત ભૂતવિદ્યામાં તેઓ નિષ્ણાત વૈદ્ય હતાં તેવી આગવી સ્વતંત્ર ઓળખ પ્રસ્થાપિત હતી.

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

(૨) વાયડાગોત્રમાં કુટુંબોની કુલ ૪૯ અવટંકમાં ભૂતવાલા અટકની નોંધ છે.

(૩) વડોદરામાંસ્થિત શ્રી વાયુદેવતાજી મંદિર જે સ્થાનમાં છે તે 'ભૂતકુઈના ખાંચો'થી ઓળખાય છે.

(૪) વાયડનગરસ્થિત વાયડગચ્છનાં શ્રમણોપાસક આચાર્યો પરંપરાગત ભૂતવિદ્યા આકાશગમન–પરકાયાપ્રવેશ–શુક્નવિદ્યા વગેરેમાં નિષ્ણાંત હતા જેની નોંધ પ્રાચીન ગ્રન્થોમાં પ્રાપ્ત છે.

(૫) વાયડની વાવમાં માતૃકાઓના શિલ્પ કંડરાયેલા દિવાલમાં વર્તમાન સમયે પણ હયાત છે.

– લિ.

**ડો. હેમંતકુમાર વૈદ્ય, મો ૯૪૨૮૩ ૯૯૫૨૬**
**અપવર્ગ, નરસિંહજીની પોળ,**
**વડોદરા**

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિ તરફથી રૂ. ૬૦૦૦/– ની મેડિકલ કૂપનો અપવામાં આવશે.

સ્વ. રસિકલાલ ચીમનલાલ શાહ તથા સ્વ. રેણુકાબેન રસિકલાલ શાહ તરફથી રૂપિયા ૧૦૦૦/– મેડીકલ કુપન આપવામાં આવશે. તેમના પરિવારના સભ્યો રાકેશભાઈ, દર્શનભાઈ, પરાગીબેન તરફથી કૂપનો આપવામાં આવી છે.

સ્વ. જયંતિલાલ બાબુભાઈ પરીખ તથા સ્વ. મેનાબેન જયંતિલાલ પરીખ તરફથી રૂપિયા ૧૦૦૦/–ની મેડીકલ કુપન આપવામાં આવશે. તેમના પુત્ર વિપુલભાઈ જે. પરીખ તરફથી આપવામાં આવી છે.

સર્વે કૂપનો વાયુદેવતાજી મંદિરેથી સાંજે ૫–૦૦ થી ૬–૩૦ દરમ્યાન લઈ જવી. કૂપનો તા. ૩૦–૯–૨૦૨૦ સુધી આપવામાં આવશે.

સુભાષભાઈ એમ. શાહ તરફ રૂા. ૫૦૦૦/– અખંડ દીવા માટે (ઘી) ભેટ આવ્યા છે.

**– નાનુભાઈ શાહ**

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

## લવ યુ ભાઈ !



'મમ્મી.... એ મમ્મી.... મને ભૂખ લાગી છે. કંઈક આપ ને...' નાનકડો આનંદ વિચારોમાં ખોવાયેલી માં શ્રુતિ પાસે આવીને નાસ્તો માગી રહ્યો હતો. અચાનક સાવ નજીકમાં જ ફટાકડો ફૂટવાનો અવાજ સાંભળીને શ્રુતિ ઝબકી ગઈ. વાસ્તવિક્તાનું ભાન થતાં તેણે જોયું કે દસ વર્ષનો દીકરો આનંદ કંઈક કંટાળેલો, થાકેલો, શ્રુધાપીડિત નજરે પાસે ઉભો છે. પતિ વેદ મોબાઈલમાં ખોવાયેલો છે. કામવાળી કેસર રસોડામાં વાસણો સાફ કરી રહી છે.

તરત શ્રુતિએ ઉઠીને આનંદને ડીશ ભરીને નાસ્તો આપ્યો પછી આવીને બાલ્કનીમાં બેઠી. આજે દિવાળી હતી. શહેરનો ખૂણેખૂણો રોશનીથી ઝગમગી રહ્યો હતો. કોઈ ગૃહિણી રસોડામાં પકવાનો બનાવતી હતી. તો કોઈ પોતાના સાજ–શણગારને અંતિમ ઓપ આપી રહી હતી. કોઈ રંગોળી પૂરી રહી હતી. તો કોઈ ફટાકડા ફોડી રહી હતી. બાળકો ફટાકડાની ચડસાચડસી કરી રહ્યાં હતાં. કોઈ ડરતું હતું તો કોઈ વટ છાંટી રહ્યું હતું. કોના મામાએ કેટલા હજારના ફટાકડા ખરીદી આપ્યા અને કોના કાકા આજ કેવા ફટાકડા ફોડવાના છે? કૈંક આવી જ વાતો ચાલી રહી હતી. યુવાનો યુવતીઓ સેલ્ફી લેવામાં વ્યસ્ત હતાં. આ બધું શ્રુતિને કોઈ ચલચિત્ર જેવું લાગતું હતું.

અચાનક એનું ધ્યાન બાજુમાં ઉભેલા આનંદ પર ગયું. તે અત્યંત ધ્યાનથી આકાશમાં તીવ્ર ગતિથી જતાં, સુસવાટા મારતાં રોકેટને જોઈ રહ્યો હતો તો વળી બીજી જ ક્ષણે સામેની બાલ્કનીમાં તેના બાળદોસ્તો ફૂલઝરી ફેરવતા હતા તેના પર ગયું. આનંદને આમ 'વિન્ડો શોપિંગ' કરતો જોઈ શ્રુતિને ખબર નહીં અચાનક જ શું સુઝયું કે તેણે આનંદને પીઠમાં જોરદાર ધબ્બો માર્યો. અચાનક થયેલા વારથી ગભરાયેલો, ઘવાયેલો આનંદ ગબડી પડયો. ગુસ્સાથી શ્રુતિ બોલી 'અંદર જા નાલાયક... ખબર નથી તારે અહીં નથી આવવાનું?'

આનંદના બાળમાનસમાં અનેક વિચારોનું ઘોડાપૂર ધસી આવ્યું. પોતાના 'ગુનાહથી' અજાણ આનંદ ભેકડો તાણીને રડવા લાગ્યો. તેનું રુદન સાંભળીને અંદરથી વેદ ધસી આવ્યો. તરત જ આનંદને ઊંચકી લીધો.

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

વેદે શ્રુતિને ખભે હાથ મૂકીને તેના ગુસ્સાનું કારણ જાણતા હોવા છતાંય આંખોથી પૂછયું 'શું થયુ?' શ્રુતિ રડી પડી... 'તમે જાણો છો છતાંયે પૂછો છો? શા માટે પૂછો છો?'

વેદ શ્રુતિનો હાથ પકડીને અંદર લઈ ગયો. તેને સોફામાં બેસાડી ખોળામાં આનંદને બેસાડયો. પોતાનાં ખિસ્સામાંથી નાનકડી ચોકલેટ આપીને આનંદને પ્રેમથી થોડી વાર પસવાર્યા કર્યો. થોડી વારમાં આનંદ વેદના ખોળામાંથી ઉતરીને જમીન પર બેસી સાપસીડી રમવા લાગ્યો. એટલીવાર વેદે શ્રુતિને રડવા દીધી પછી તેણે પાણી પીવડાવ્યું તેનો હાથ પોતાના હાથમાં લઈ મૂક દિલાસો આપ્યો.

ફરીથી શ્રુતિનું દબાયેલું રુદન ઉછળી આવ્યું. તેણે વેદને કહ્યું... 'બસ, ભૂલી ગયા? ભૂલી ગયાને બધું? મારી નાનકડી પરીને ભૂલી ગયા? જે આપણા જીવનમાં માત્ર ૮ વર્ષનું અજવાળું લઈને આવી હતી. આજે એ અહીં હોત તો કેવી લાગતી હોતી એને ગમતા ફટાકડા લીધા હોત એને ભાવતી મીઠાઈ બનાવી હોત! પણ અરેરે ભગવાન! તને આ શું સૂઝયું ? મારી નાનકડી બચૂડીને તે કેમ લઈ લીધી? મારી અક્ષર દીકરી કયાં ગઈ તું? તને કયાં ગોતું?'

હું કંઈ ભૂલ્યો નથી, ભૂલાય એમ પણ નથી. પણ અત્યારે રડ નહીં. દિવાળીનો સારો દિવસ છે, દુઃખી ન થા. ચાલ, જમવાનું પણ બની ગયુ છે. વેદે શ્રુતિને સમજાવતાં કહ્યું અને ઉભો થઈને બાલ્કનીમાં ગયો. વાહનોની અવરજવર, બાળકોના કિલ્લોલને જોઈ રહ્યો. થોડી વાર આંખ મીંચીને ઉભો રહ્યો. બરાબર ચાર વર્ષ પહેલાનું દ્રશ્ય ફરી આંખ સામે તરવરી રહ્યું.

દિવાળીની રાત હતી. ઘરનો ખૂણે ખૂણો રોશની અને રસરંગમાં નહાઈ રહ્યો હતો. શ્રુતિએ નવી જ બનારસી સાડી પહેરી હતી. રસોઈની તૈયારી થઈ રહી હતી. વિવિધ પકવાન બની રહ્યાં હતાં. છ વર્ષનો આનંદ અને આઠ વર્ષની અક્ષરા ફટાકડા ફોડી રહ્યાં હતાં. આનંદ થોડો ડરેલો અને થોડો રોમાંચિત હતો. અક્ષરા દોડી-દોડીને ફટાકડા ફોડી રહી હતી. તેણે સરસ મજાનો ચોલી સૂટ પહેર્યો હતો. આકાશમાં ફૂટતાં રંગબેરંગી રોકેટને જોવામાં મશગૂલ અક્ષરાને એ વાતનો તો ખ્યાલ જ ન રહ્યો કે તેની ઓઢણીનો એક છેડો જમીન પર રાખેલા કોડીયાને અડીને સળગી રહ્યો છે. જયારે તેને ખ્યાલ આવ્યો ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. એની ચીસાચીસને ફટાકડાના આનંદથી રસાયેલી માની લેવામાં આવી. જયારે અન્ય બાળકોનું ધ્યાન ગયું ત્યારે તેમણે જલ્દીથી અક્ષરાનાં માતા-પિતાને જાણ કરી. વેદ-શ્રુતિ તો અર્ધ પાગલ થઈ ગયા જયારે તેમણે અક્ષરાનો

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

સળગી ગયેલો દેહ જોયો. અક્ષરાને બચાવવાના ડોકટરોના અથાગ પ્રયત્નો નિષ્ફળ નીવડયા. રાતના અઢી વાગ્યે જયારે મહોલ્લાનો છેલ્લો દીવડો ટમટમી રહ્યો હતો ત્યારે વેદ–શ્રુતિની ઘરદીવડી બુઝાઈ ગઈ!

બીજા દિવસે જ્યારે લોકો રંગબેરંગી નવાં વસ્ત્રોમાં સજ્જ થઈને એકબીજાને નૂતન વર્ષની શુભેચ્છા આપી રહ્યાં હતાં ત્યારે વેદ–શ્રુતિનું જીવન સફેદ ચાદર ઓઢી ચૂક્યું હતું. નાનકડો આનંદ તો કંઈ સમજી શક્યો જ ન હતો. એને તો એ જ નહોતું સમજાતું કે આ બધાં દીદીને સફેદ કપડામાં વીંટાળીને કયાં લઈ જાય છે? કે પછી મમ્મી અંદર પલંગ પર કેમ સૂતી છે ? કાંઈ બોલતી જ નથી. દાદી પણ સતત રડે છે. પપ્પાને પણ આ બધાં અંકલ કેમ પકડી બેઠા છે? ગઈ કાલ સુધી ઉડાઉડ કરતી દીદી આજે કેમ બોલતી નથી?

ત્રીજા દિવસે તેણે દાદીમાને પૂછયું, 'દાદી, આ દીદી ક્યાં ગઈ?' દાદીમાએ આનંદને ખોળામાં બેસાડીને ધ્રૂજતા અવાજે કહ્યું, 'બેટા, એ ખૂબ સરસ ઢીંગલી હતી ને! એટલે ભગવાને તેને પોતાના ઘરે રમવા બોલાવી લીધી છે.' મમ્મી તો કાંઈ બોલવાની સ્થિતિમાં જ ન હોતી. પપ્પા આનંદને ખોળામાં બેસાડીને પસવાર્યા કરતા. સામેના ઘરવાળી તુલના તો કહેતી કે 'અક્ષરા તો મૃત્યુ પામી છે. એ હવે ક્યારેય નહીં દેખાય! આનંદ એકલો, ખૂબ એકલો પડી ગયો હતો.'

સમય તો સમય માટે પણ થંભ્યો નથી. તો અહીં પણ શાનો થંભે! બધું યંત્રવત્ થવા લાગ્યું. આનંદ સ્કુલે જવા લાગ્યો. વેદનો બિઝનેસ, શ્રુતિનું ઘરકામ... એક વર્ષ આમ જ વીતી ગયું. બીજી દિવાળી આવી. વીતેલી કડવી યાદો તાજી ન થાય તે માટે વેદ શ્રુતિ તથા આનંદને લઈને દક્ષિણ ભારતની લટાર મારી આવ્યો... સમય સરતો રહ્યો... સરતો જ રહ્યો.

અચાનક ફૂટેલા મોટા ફટાકડાએ વેદને વાસ્તવિક્તાની ભૂમિ પર લાવી દીધો. પાછળથી આનંદ આવીને ઝળહળતાં આકાશને જોઈ રહ્યો હતો. તેણે વેદના ઝભ્ભાની ચાળ પકડી હતી. તેની આંખોમાં કોઈક મૂક યાચના હતી. વેદે તેને તેડી લીધો. અંદરથી શ્રુતિએ જમવા આવવાની બૂમ પાડી. વેદ આનંદને લઈને જમવા માટે ગોઠવાયો. ઘરનું મોટાભાગનું કામ કરતી કેસરે બધાંની થાળી પીરસી. આનંદ ગાલ પર હાથ રાખીને બધું જોયા કરતો હતો. કેસરે પરોઠા–શાક, દાળ–ભાતની સાથે એક નાનકડી પ્લેટમાં મોતીચૂરના લાડુ પણ મૂક્યા. સરસ મજાના ચમકતા કેસરિયા લાડુને જોઈને આનંદની આંખો ચમકી ઉઠી. તેનાં હાથ પોતાના ગાલ પરથી હટીને ટેબલ પર ગોઠવાઈ ગયા.

શ્રુતિ ટેબલ પર લાડુને જોઈને ભડકી! તરત જ કેસરને બોલાવીને ધમકાવી કાઢી.

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

'કેસર! લાડુ કેમ મૂક્યા? તને ખબર નથી કે આ ઘરમાં મીઠાઈ નથી આવતી?' બોલતાં–બોલતાં શ્રુતિની નજર આનંદ પર પડી. આનંદ લાલચભરી નજરે મોતીચૂરના લાડુને જોઈ રહ્યો હતો. શ્રુતિએ પૂછયું, 'તારે ખાવા છે?' આનંદે પિતા સામે એક નજર નાંખીને દબાયેલી હા પાડી. 'લઈ લે' શ્રુતિએ કહ્યું. તે સાથે જ આનંદે બે લાડુ ઉપાડીને પોતાની થાળીમાં મૂકી દીધા. કેસર લાડુની પ્લેટ અંદર મૂકી આવી. પછી બોલી, 'દીદી! આ લાડુ તો લક્ષ્મીપૂજાના છે. બાજુવાળાં જનકમાસી આપી ગયાં હતાં.' 'તો ઠીક છે, બાકીના તું લઇ જાજે' શ્રુતિ બોલી.

આ સાંભળીને આનંદ ઉંચો થઈ ગયો. તેનાં બાળમાનસમાં 'હજી કાલે પણ બીજા લાડુ મળશે' એવી ધારણા હતી. તે બોલ્યો, 'મમ્મી ! મને બહુ ભાવે આવા લાડુ... પ્લીઝ... તું ન આપ ને!'

આનંદની વાત સાંભળીને શ્રુતિનું દુઃખ, ડૂમો ફરીથી બહાર ધસી આવ્યાં. 'તને ભાવે એમ? તને લાડુ ખાવા છે? તારી બેન ગુજરી ગઈ એનું કોઈ દુઃખ નથી? તને ભાન પડે છે? તને ખબર નથી કે આપણાં ઘરમાં મીઠાઈ નથી આવતી? અહીં આનંદ–પ્રમોદને કોઈ જ સ્થાન નથી. મારી લાડલી અક્ષરા ચાલી ગઈ.... રે! ચાલી ગઈ... અને તને હજી લાડુ સૂઝે છે?' શ્રુતિ ગુસ્સા અને દુઃખનાં મિશ્રણથી પાછી રડવા લાગી... વાતાવરણ ખૂબ ડહોળાઈ ગયું.

આનંદ ઉભો થયો. જ્યાં મમ્મી બેઠી હતી ત્યાં આવ્યો. તેની આંખોમાં અપાર પીડા હતી. તેણે શ્રુતિના હાથ પર હાથ મુક્યો. પછી બોલ્યો, મને ખબર છે મમ્મી, બેન ચાલી ગઈ છે. અને હવે ક્યારેય પછી નહીં આવે. અને મને તેનું દુઃખ પણ છે. મમ્મી પણ હું હજી જીવું છું. તમે એ ભૂલી ગયાં છો. તમે બે જણા એ પણ ભૂલી ગયાં છો કે મને પણ ઈચ્છા હોય. એટલું કહેતા તો આનંદ ધ્રુસકે–ધ્રુસકે રડી પડ્યો.

'મારા બધા ફ્રેન્ડ દર દિવાળી એ ઢગલો ફટાકડા ફોડે છે. જાતજાતની મીઠાઈ ખાય છે. બધાં ક્યાંક ને ક્યાંક ફરવા જાય છે. કેટલો એન્જોય કરે છે. બેન તો મને પણ વ્હાલી હતી. એના ચાલ્યા ગયા પછી હું કેટલો એકલો થઈ ગયો છું એની તમને ખબર છે? ક્યારેક તો મને પણ એમ થઈ જાય કે હું પણ બેન પાસે ચાલ્યો જાઉં...'

હવે અવાક્ થવાનો વારો શ્રુતિનો હતો. તે ફાટી આંખે આનંદને જોઈ રહી હતી. તેને ભાન થયું કે તેણે મૃત સંતાનના શોકમાં જીવિત સંતાન સાથે ઘોર અન્યાય કર્યો હતો. તેનાં હોઠ ધ્રૂજવા લાગ્યા. તેણે આનંદને બાથમાં લઈ લીધો અને હીબકાં ભરીને રડવા લાગી.

બેટા, સો સોરી, અમારી પહાડ જેટલી ભૂલ થઈ. અમને માફ કરી દે, અક્ષરા તો અક્ષરા છે. તે ક્યારેય ક્ષર નૈ થવાની પણ ઘરમાં આનંદ જીવિત, હાજર જ છે એ અમે બેય જણા ભૂલી ગયાં. સો સોરી બેટા!'

વેદ મૂક બનીને જોયા કરતો હતો. તેનું હૈયું પણ રડી રહ્યું હતું. શ્રુતિએ વેદ સામે જોયું. બન્નેએ નજરોથી કોઈ સંવાદ સાધી લીધો. વેદ ઝડપથી બહાર ચાલ્યો ગયો.

થોડી વારે વેદ પાછો આવ્યો તો તેનાં બંને હાથમાં ફટાકડાની થેલીઓ અને મીઠાઈનાં પેકેટો હતા. તેણે આનંદને બોલાવ્યો. તેના હાથમાં રોકેટનું મોટું પેકેટ અને ફૂલઝરી આપ્યા. આનંદ આંખો આનંદથી નાચી ઉઠી. તે નાચવા લાગ્યો.

નીચે વેદ આનંદને ફટાકડા ફોડવામાં મદદ કરવા લાગ્યો. આનંદે એક રોકેટ સળગાવ્યું. ખૂબ ઉંચે જતાં રોકેટને સસ્મિત જોઈ રહેતા આનંદ રોકેટની ઝળહળ રોશનીમાં એક હસતો ચહેરો જોયો. જાણ એ પ્રેમાળ ચહેરો કહી રહ્યો હતો,

'લવ યુ ભાઈ!' ...

**– માધવી શાહ, મો.: ૯૪૨૮૬ ૮૦૦૭૧**

## શ્રી સમીરી વણિક સમાજ અમદાવાદ

સમાજ દ્વારા પ્રતિવર્ષ સમાજના સભ્ય ભાઈ–બહેનોના ભણતા બાળકો માટે રાહતના દરે ચોપડાનું વિતરણ થતું હોય છે. કોરોના મહામારીને કારણે અમે આજ સુધી નવા ચોપડા બનાવરાવી શક્યા નથી. પરંતુ ગયા વર્ષના થોડા ચોપડા વધ્યા છે, જે આ વર્ષે અમે વહેંચવાની ઈચ્છા ધરાવીએ છીએ. આથી સમાજના જે સભ્ય ભાઈ–બહેનોના ભણતા બાળકોને ચોપડાની જરૂરિયાત હોય, તેઓ તેમની જરૂરીયાત શ્રી શરદભાઈ જે. પરીખ, ફોન : ૮૦૦૦૧ ૧૭૯૨૮ ને ત્યાં વહેલી તકે જણાવી દેવા વિનંતી છે. ચોપડા કેટલા અને ક્યારે વહેંચવા તેનો નિર્ણય સેક્રેટરી નક્કી કરીને જણાવશે.

સર્વે સભ્ય ભાઈ–બહેનોને ભારપૂર્વક જણાવવાનું કે પ્રતિ ડઝન ચોપડા પાછળ સમાજ સારી એવી મોટી રકમની સબસીડી આપતો હોય છે. આપણો હેતુ આ લાભ સમાજના સભ્ય ભાઈ–બહેનોના જ ભણતાં બાળકોને આપવાનો છે. આ વાત ધ્યાનમાં રાખીને સભ્યમિત્રોને પોતાની જરૂરીયાત જણાવવા વિનંતી.

આ મેસેજ સમાજના આપના પરિચિત સભ્યો સુધી પહોંચાડવા વિનંતી છે.

**શૈલેષભાઈ પી. શાહ, પ્રમુખ** **શરદભાઈ જે. પરીખ, મંત્રી**

## રશિયન મિત્ર સાથે મેળાની મુલાકાત-બાળવાર્તા



સુરસુર સુરખાબ આ શિયાળે પણ રશિયાની ઠંડીથી બચવા માટે અહીંનાં સરોવર પર આવી ગયું. દર શિયાળે ત્રણ-ચાર મહિના અહીં રોકાઈને શિયાળો પતે એટલે એ પાછું દસેક દિવસ સુધી ઉડતાં-ઉડતાં રશિયા પહોંચી જતું. રશિયાથી આવતા અન્ય પક્ષી મિત્રોનો તેને સંગાથ મળી જાય એટલે રશિયાથી અહીં સુધીનો લાંબો રસ્તો ક્યાંય કપાઈ જાય. અહીં સરોવરની પાળે હળવા તડકામાં બેસી રહેવાનું તેને બહુ ગમે. વળી, અહીંનાં મીઠા પાણીની માછલીઓ તેને બહુ ભાવે. અહીં આવ્યા પછી અહીંના મિત્રોને મળવાની તો મજા જ કંઈ ઔર છે.

તેને તળાવની પાસે બેઠેલો જોઈને ચુનચુન ચકલી બરાબર ગેલમાં આવી ગઈ. ચીંચીં-ચીંચીં કરીને તેણે આસપાસના બધા બાગ-બગીચા ગજવી મૂક્યા. જંગલ-જંગલ, ઝાડ-ઝાડ, ડાળીએ-ડાળીએ ફરીને તેણે સૌને જાણ કરી દીધી કે, દર વખતની તેમ તેનો રશિયન મિત્ર સુરસુર સરોવરની પાળે આવી ગયો છે. જેવી બાતમી મળી કે, ગુનગુન અને મુનમુન-અળસિયાની જોડી પણ સુરસુરને મળવા તળાવ તરફ રવાના થઈ. ગુનગુન અને મુનમુન બન્ને જોડીયા ભાઈઓ. આખો દિવસ જમીન પર સરક્યા કરે અને જે પાન-ડાળખાં રસ્તામાં મળે તે ધીરે-ધીરે કોતરીને પેટમાં પધરાવે. એક તરફથી પેટમાં પધરાવે અને બીજી તરફથી બહાર પણ કાઢ્યાં કરે. સુરસુર તેમનો પણ ખાસ ભાઈબંધ. સુરસુર આવી ગયો એટલે હવે બધાને મજા પડશે. સુરસુર, ચુનચુન, ગુનગુન અને મુનમુન ચારે મિત્રો ભેગા મળશે અને અલકમલકની વાતો કરતાં કરતા સાથે બેસીને જમશે. ચુનચુન પોતાનું ખાવાનું – થોડા જીવડાં, દાણા વગેરે ભેગા કરીને તળાવને કિનારે જશે. સુરસુર પોતાને ભાવતી માછલી પકડીને કાંઠે આવશે અને ધીરે-ધીરે પોતાના શરીરને પહેલા સંકોચતાં અને પછી ધકેતા આગળ વધતાં ગુનગુન અને મુનમુન પણ આવી પહોંચશે. બધા જોડે મળીને વાતો કરતાં કરતાં પોતાને ભાવતાં ભોજનની ઉજાણી કરશે.

આજે ચુનચુન સરસ મજાનું લાલ રંગનું કુદુ ચાંચમાં પકડીને લાવી હતી. સુરસુર તળાવમાંથી લીસ્સી-લીસ્સી માછલી ચાંચમાં દબાવીને લાવ્યું હતું. ગુનગુન અને મુનમુન અળસિયાં સવારનાં પોતાના દરમાંથી તળાવ તરફ આવવા નીકળ્યા હતાં. 'ધકેલો-ભાઈ-ધકેલો, સુરસુર આવ્યો', 'ધકેલો-ભાઈ-ધકેલો, સુરસુર આવ્યો' તેમ બોલતાં જાય

અને પોતાના શરીરને આગળ ધકેલતાં જાય. બપોર સુધીમાં બન્ને તળાવનાં કાંઠે આવી ગયાં. ચારે મિત્રો એકબીજાને જોઈને ગેલમાં આવી ગયાં. સુરસુર જોરજોરથી પાંખો ફફડાવીને નાચવા લાગ્યું. ચુનચુન ચકલી ચીંચીં કરીને કુદકવા માંડી. ગુનગુન અને મુનમુન તો તાનમાં આવીને બે ચાર ગોઠમડાં ખાઈ ગયાં. બધા રાજી–રાજી થઈ ગયાં.

ચારે મિત્રો સાથે જમવા બેઠાં. સુરસુરે પોતાના સફરની વાર્તા કહેવા માંડી. તે જ્યાંથી ઉડતાં–ઉડતાં આવ્યું હતું. તે રસ્તામાં આવતા બાગ–બગીચા, પર્વત, જંગલ, તળાવની રસપ્રદ વાતો કહી. તેનાં સાથી મિત્રો બતક, બગલા, હંસ સાથે તે કેવી ગમ્મત કરતાં–કરતાં તે અહીં પહોંચ્યું તે સાંભળવાની સૌને બહુ મજા આવી. તેણે કહ્યું કે, તેનાં વતનમાં તો વર્ષના આઠ મહિના ભયંકર ઠંડી પડે છે. વાતાવરણ મોટે ભાગે અંધારિયું અને વાદળિયું જ હોય છે. એટલે તેને અહીંયા તડકામાં ચળકતાં પાંદડાવાળાં વૃક્ષો, સુગંધી ફૂલો, રંગબેરંગી પક્ષીઓ અને ખુશનુંમા વાતાવરણ માણવાનું ખૂબ ગમે છે. ચુનચુને અહીનાં બાગ–બગીચા, તેમાં ખીલેલા જાત જાતનાં ફૂલ, રસીલા ફળ, પોપટ, મોર, કુકડા અને કાબરની વાત માંડી. ગુનગુન અને મુનમુન પોતાના દરની બાજુમાં રહેતાં કીડી, મકોડા, ઉંધઈ અને વીંછી જેવા મિત્રોની વાતો કરવા માંડ્યા.

ચારે મિત્રો વાતો કરતા જાય અને ખાવાનું ખાતા જાય. તેટલામાં ચુનચુનને યાદ આવ્યું કે, બે ગામ દૂર, ગામનાં પાદરમાં મેળો ભરાયો છે. તેણે પ્રસ્તાવ મૂક્યો કે, ચાલો આપણે ચારે મિત્રો સાથે મળીને મેળો જોવા જઈએ. સુરસુરે તો ક્યારેય મેળો જોયો જ નહતો. તે તો ઉત્સાહમાં આવીને પાછો કુંદરડી ફરીને નૃતય કરવા લાગ્યો પણ ગુનગુન અને મુનમુન ઉદાસ થઈ ગયાં. તેઓ તો ધીરે–ધીરે જમીન પર સરકતાં કયારેય બે ગામ દૂરના મેળામાં પહોંચી જ નહીં શકે. એટલે તેમને મેળો જોવા નહીં મળે તેમ વિચારીને દુ:ખી થઈ ગયાં. પણ સુરસુરે એક રસ્તો કાઢ્યો. તેણે યુક્તિ સુઝાડી કે, જો તમે બંને મારા એક–એક પગ પર વીંટળાઈ જાઓ તો હું તમને બન્નેને મારી સાથે મેળામાં લઈ જઉ. ચુનચુન ચકલી આ સાંભળીને ખુશ થઈ ગઈ. હવે ચારે મિત્રો સાથે બે ગામ દૂર ભરાયેલા મેળામાં જઈ શકશે.

બીજા દિવસે સવારે નક્કી કર્યા મુજબ ચારે મિત્રો તળાવને કિનારે મળ્યાં. સૌએ હળવો નાસ્તો કર્યો અને મેળામાં જવા તૈયાર થઈ ગયાં. ગુનગુન સુરસુરના એક પગે વીંટળા ગયો અને મુનમુન તેના બીજા પગે વીંટળાઈ ગયો. સુરસુરે જાણે તેના નાજુક ગુલાબ પગ પર ઘેરા ગુલાબી રંગનાં ઝાંઝર પહેર્યાં હોય તેવું લાગતું હતું. ચુનચુને કહ્યું

ચાલો, નીકળતાં પહેલાં એક સેલ્ફી લઈએ. સુરસુર ખુશ થઈને તળાવની વચ્ચે આવેલા એક મોટા પત્થર પર ઉભું રહી ગયું. તેના બન્ને પગે ગુનગુન અને મુનમુન તો વીંટળાયેલા જ હતાં. તેની નાજુક વળેલી ચાંચ પર ચુનચુન ચકલી પણ બેસી ગઈ. તળાવનાં સ્વચ્છ પાણીમાં ચારે મિત્રોનું સુંદર પ્રતિબિંબ ઝીલાયું. બધા ખુશ થઈને એક સાથે ''સેલ્ફી, સેલ્ફી'' કહીને બૂમો પાડવા માંડયાં. ચાંચ ત્રાંસી કરી. મોં વાંકાચૂકા કરીને પોતાની પાણીમાં ઉપરાતી સેલ્ફી જોઈને સૌ ખુશ થઈ ગયાં. થોડાક વખત ''સેલ્ફી, સેલ્ફી'' ચાલ્યું પછી સૌ મેળા તરફ પ્રયાણ કરવા તૈયાર થઈ ગયાં.

ગુનગુન અને મુનમુન તો ખૂબ ઉત્તેજિત હતાં. આ એમની જિંદગીની પહેલી હવાઈ સફર હતી. સુરસુરે પોતાની પાંખો ફેલાવી અને મેળા તરફ ઉડવાનું શરૂ કર્યું. થોડી વાર તો ગુનગુન અને મુનમુનને ઉપર આકાશમાંથી નીચેની ધરતી જોવાની બહુ મજા પડી. જેમ જેમ ઉપર ગયા તેમ તેમ નીચે બધું નાનું થતું ગયું પણ થોડી વાર રહીને તેમને ઠંડી લાગવા લાગી. સામે આવતાં ફડફડતા પવનમાં આંખ બંધ થઈ જતી હતી. બીક પણ બહુ લાગતી હતી. બનને જણ સુરસુરના પગે મજબૂતાઈથી વળગી રહ્યાં. પગે ભીંસ વધતી જાણીને સુરસુર એક જગ્યાએ ખુલ્લા મેદાનમાં નીચે ઉતર્યું. જેવા જમીન પર ઊતર્યાં કે બન્ને ભાઈઓનાં જીવામાં જીવ આવ્યો. તડકામાં બેઠાં એટલે શરીરમાં ગરમાટો આવ્યો અને પાછું થોડું પાંદડું કરડી ખાધું તેથી તાજામાજા થયાં. પાછી ત્રણે જણની સવારી ઉપડી મેળા તરફ.

મેળાની નજીકનાં તળાવ પાસે સુરસુર ઉતર્યું. તેણે ગુનગુન અને મુનમુનને નજીકની બોરડી પાસે ઉતાર્યાં. જેવાં ઊતર્યાં કે તરત બન્ને જણ નીચે પડેલા બોર કરડવા માંડયાં. સુરસુર થોડી વાર તળાવનાં ઠંડા પાણીમાં પોતાના નાજુક ગુલાબી પગ બોળીને ઉભું રહ્યું. તળાવને કિનારે સપાટી પર બાઝેલી મુલાયમ શેવાળ સુરસુરને પગે માલિશ કરતી હોય તેમ તેને લાગતું હતું. પળવારમાં તેની બધો થાક ઉતરી ગયો. નવા તળાવની મીઠ્ઠી માછલીઓ બરાબર ઝાપટ્યા પછી તે ચુનચુન માટે રહેવાની વ્યવસ્થા કરવા જોતરાયું. તેણે થોડા સળેખડાં ભેગાં કર્યાં અને તળાવમાંથી કાઢીને શેવાળ સુકવી રાખી. ચુનચુને આવીને રાતવાસો કરવા માટે કામચલાઉ માળો બનાવવો પડશે. તેને માટે આ બધી સામગ્રી કામ લાગશે. ગુનગુન અને મુનમુને તો નજીકમાં પોતાને લાયક દર શોધી લીધું.

ચુનચુન ચકલીને તેની નાની પાંખોથી ઉડીને આવતા વાર લાગી તે રસ્તામાં આવતાં બાગ–બગીચામાં સખી–સહેલીઓને મળતી, તેમની સાથે રમતી–રમતી સાંજ સુધીમાં આવી

પહોંચી. સુરસુરે ભેગા કરેલા સળખેડાંની માળો બનાવીને તેણે અંદર શેવાળ પાથરી આવા આરામદાયક માળામાં આરામ કરીને તેનો પણ બધો થાક ઉતરી ગયો.

બીજે દિવસે સવારે નક્કી કર્યા પ્રમાણે ચારે મિત્રો તળાવને કિનારે ભેગાં થયાં. નાસ્તો કર્યો અને ચાલ્યા મેળામાં ફરવા. ગુનગુન અને મુનમુન મેળામાં આવતાં લોકોનાં પગ તળે કચરાઈ ન જાય તે ધ્યાન રાખવાનું હતું. આ વખતે પણ સુરસુરે ઉપાય બતાવ્યો. તેનાં કહ્યા પ્રમાણે બન્ને અળસિયા ભાઈઓ સુરસુરનાં ગળે વીંટળાઈ ગયાં. સુરસુરે જાણે ગુલાબી ડોક પર ઘેરા ગુલાબી રંગનો હાર પહેર્યો હોય તેમ લાગતું હતું. ગુનગુન અને મુનમુનને આટલી ઊંચાઈથી મેળો જોવાની બહુ મજા આવી. સુરસુરે તો ક્યારેય મેળો જોયો જ ન હતો. મેળામાં એક ખૂણામાં મદારી બંદરનો ખેલ કરતો હતો. ચુનચુન ગુલાટ ખાતા બંદરને જોઈને ચીંચીં કરીને નાંચવા માંડી. બીજી બાજુ જાદુગર જાદુ બતાવતો હતો. તેણે લાંબી, ખાલી ટોપીમાંથી સસલું કાઢયું તે જોઈને સુરસુરને બહુ નવાઈ લાગી.

વચ્ચે એક મંચ પર બાળકોની વેશભૂષા હરીફાઈ ચાલતી હતી. બાળકો જાતજાતનાં વેશ ભરીને મંચ પર એક પછી એક આવતાં અને મંચની એક બાજુથી ચઢીને બીજી બાજુ ઉતરી જતાં. આસપાસનાં લોકો તેમને તાળી પાડીને વધાવતા હતાં. એટલામાં સુરસુર ઠેકડો મારીને મંચ પર ચઢી ગયું અને પોતાના સુંદર ગુલાબ પગથી લાંબા-લાંબા ડગ ભરીને મંચની એક તરફથી બીજી તરફ મલપતી ચાલે ચાલવા લાગ્યું. લોકોએ આવું સુંદર સૂરખાબ આટલી નજીકથી ક્યારેય જોયું નહતું. લોકો ખુશ થઈને ચિચિયારીઓ પાડવા માંડયાં.

સુરસુરની ડોક ઉપર માળા પહેરી હોય તેમ વીંટળાયેલા ગુનગુન અને મુનમુન અને બે પગ વચ્ચે કુદકકુદક ચાલતી ચકીરાણી. તેઓ ક્યારેક મંચની એક તરફથી બીજી તરફ ચાલતાં અને ક્યારેક કુદરડી કરીને નૃત્ય કરતાં. હવે મંચની આસપાસ બહુ લોકો એકઠા થઈ ગયા અને જોરજોરથી તાળીઓ પાડવા લાગ્યા. આટલા બધા લોકોને જોઈને ચારે મિત્રો બરાબર તાનમાં આવી ગફાં અને તેમણે મંચ પર જાતજાતનાં ખેલા કર્યાં. મેળાનાં આ ભાગમાં વાતાવણર ખુશખુશાલ થઈ ગયું. આખરે ચારે મિત્રો મંચ પરથી નીચે ઊતર્યાં અને હરખાતાં હરખાતાં એક બીજા સાથે ગેલ કરતાં મેળાની બહાર નીકળ્યાં.

મેળાની આસપાસ ચુનચુન, ગુનગુન અને મુનમુન ને જાતજાતનું ખાવાનું મળી ગયું. સુરસુરે પણ સરોવરમાં ધરાઈને માછલીઓ ખાધી. હવે પાછા જવાનો વખત હતો. જેમ આવેલા તેમ પાછા પહોંચી ગયાં. સુરસુરે તળાવમાં રહેતાં સાથી મિત્રોને મેળાની વાત કરી.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

ચુનચુનને મેળામાં સૌએ કેટલી મજા કરી તેની વાતોથી જંગલ ગજવી નાખ્યું. ગુનગુન અને મુનમુનની પડોસનાં દરમાં રહેતાં કીડી–મંકોડા, ઉંધઇ અને વીછીંને જયારે ખબર પડી કે તે બન્ને ભાઈઓ ઉડતાં–ઉડતાં મેળામાં જઈ આવ્યા તો કોઈનાં માન્યામાં જ ન આવ્યું. બધાએ નક્કી કર્યું કે આવતા વર્ષે સૌ કોઈ સાથે મળીને મેળામાં જશે અને આ ચારે મિત્રોની જેમ ખુબ મજા કરશે.

હવે ગરમીની શરૂઆત થઈ ગઈ હતી. સુરસુરનો પોતાને વતન પાછા જવાનો સમય થઈ ગયો હતો. આજે ચારે મિત્રોએ સાથે બેસીને છેલ્લી વાર ભોજન લીધું. ફરી વાર તળાવની વચ્ચે આવેલા પત્થર ઉપર ઉભા રહીને ચારે મિત્રોએ જાતજાનાં મોં બનાવીને સેલ્ફી લીધી. સુરસુરે પોતાની લાંબી પાંખો ફેલાવી. સૌ એકી અવાજે બોલી ઉઠયાં. ''આવતા વર્ષે વહેલો આવજે, મિત્ર.'' અને સુરસુર એ જાય ઉડયું આકાશમાં...

**– સૌરમ કોટિયા**

## કોને ખબર છે ?

કોને ખબર છે માનવીનું મન કયારે ફરી જશે.
પગલાં પડયાં ન પડયાં, સમયની રેતી સરી જશે.
આજ બધાં છે આપણાં, કયારે પરાયાં બની જશે.
મનની ઘૂંટાતી વેદાનાને, કયારે વાચા મળી જશે.
પરવશ બનીને પથ્થરો, પડયા છે પૃથ્વીના પટ પર
કોને ખબર છે કયારે પ્રભુ બની પૂજાઈ જશે.
વેરાંન ઊભાં છે વૃક્ષો, એક લાંબી કતારમાં
કોને ખબર છે કયારે સહસ્ત્ર કૂપળો ફૂટી જશે.
જોયા તો ઘણા દૂરથી, જળ ભરેલાં સરોવરો
કોને ખબર છે, કયારે માટીના પોપડાં બની જશે.
કેટલાં ઘડાયા માટે ઘાટ ઘડુલા પ્રેમથી જતન કર્યા.
કોને ખબર છે આ મારી કાયા, કયારે માટીમાં મળી જશે.

**– દીલીપ શાહ, મુંબઈ**

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# માં ના પ્રેમનું મૂલ્ય કેટલું ?
## Mother's Day Special



"શું થયું છે તને હેત્વી?" આમ દિવાલ સામે શું જોયા કરે છે?" પપ્પાએ જરાક કડક સ્વરે પૂછયું. મમ્મીએ પણ તરત સુર પુરાવ્યો કે "હમણાં આનું ધ્યાન ક્યાંય હોતું નથી. ખબર નહીં કયા વિચારોમાં ખોવાઈ જાય છે?"

હેત્વીએ દિવાલમાં પોતાની મમ્મીની છબી સામે ઈશારો કર્યો અને પપ્પાને કહ્યું : "આજે મધર્સ ડે છે તો મને થયું કે આજે મારી માં ને નિરખીને જોઈ લઉં, કારણ કે જ્યારે તે મને છોડીને ચાલી ગઈ હતી ત્યારે તો મારી ઉંમર બહુ નાની હતી. મને તો એના વિશે કશું યાદ જ નથી."

પપ્પા ભુતકાળમાં સરી પડતાં કહે છે કે "કોને ખબર છે કોણે પહેલાં ઉપર જવાનું છે? ઈશ્વર જેની ટિકીટ ફાડે તેણે ત્યાં જવું જ પડે છે." પપ્પા હેત્વીને ગુસ્સે થઈને કહે છે કે "ભુતકાળને યાદ કરવાની જરૂર નથી. વર્તમાનમાં જીવતા શીખો."

હેત્વી પોતાની નવી મા કે જેણે તેને માનો પ્રેમ આપ્યો અને એક સખીની જેમ તેનું પાલન-પોષણ કર્યું તેને એક સાડી ગીફ્ટમાં આપીને મધર્સ ડે વિશ કરે છે. મમ્મી પણ પોતાની દીકરીનું વ્હાલ જોઈને ગદ્ગદ્ થઈ જાય છે અને પ્રેમથી પૂછે છે કે "બેટા ! મેં તને માનો પ્રેમ આપવામાં કાંઈ કમી રાખી હતી કે તું તારી સગી માને યાદ કરીને રડતી હતી ?"

હેત્વી મમ્મીને કહે છે કે "મમ્મી, તમે મને પ્રેમ આપવામાં કાંઈ કમી નથી રાખી પણ આ તો આપણા સમાજમાં એવું દુષણ વ્યાપેલું છે કે જેને ખબર પડે કે તમે મારા સોતેલા મમ્મી છો, તરત જ પ્રશ્નોની ઝડી વરસાવે છે કે બીજી મા છે તે તો તને બહુ દુઃખ દેતી હશે, મારતી હશે, ખાવાનું પણ પૂરું આપતી નહીં હોય એટલે તો તું આવી દુબળી - પાતળી છે? હું લોકોને જવાબ આપીને થાકી ગઈ છું કે બીજી સાવકી મા એટલે ખરાબ જ હોય એવું જરાય જરૂરી નથી. મારી મમ્મી તો મને સગી દીકરી કરતાં પણ વધારે વ્હાલ કરે છે. યશોદામાતા પણ કૃષ્ણના પાલક માતા હતા તો શું યશોદા મૈયા કૃષ્ણને પ્રેમ ન હોતા કરતા? શું કૃષ્ણનું પાલન-પોષણ બરાબર ન હોતા કરતા ? ભગવાન કૃષ્ણ પણ તેને જન્મ આપનાર દેવકી માતાના નામે નહિ પણ યશોદાનંદન તરીકે જ ઓળખાય

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

છે ને. મારે પણ હવે આ જગતને કહેવું છે કે મારી માતા મારી સોતેલી / સાવકી / બીજી / અપરમા નહી પણ યશોદા મૈયા જ છે.”

પપ્પા કડકાઈભર્યા સ્વરે હેત્વીને કહે છે કે “બેસ બેસ હવે શાંતિથી ! તું કોને કોને કહેતી ફરીશ ? તારે કોઈને કાંઈ કહેવાની જરૂર નથી જેણે વાત કરવી હોય મારી સાથે કરે.”

હેત્વી પપ્પાને કહે છે : “પપ્પા, હું કાંઈ બધાને એવો જવાબ ન આપી શકું કે મારા મમ્મી વિશે જે વાત કરવી હોય તે પપ્પા સાથે કરો.” કારણ કે,

“યહાઁ હર કિસી કો દશરો મેં ઝાઁકને કી આદત હૈ,
દરવાજે ખોલ દે તો કોઈ પુછને ભી નહીં આતા.”

અને કહેવત છે ને કે “ગામના મોઢે ગયણા બાંધવા ન જવાય,”

પપ્પા તમે મને કાંઈક એવો ઉપાય બતાવો કે જેથી મારા કંઈ કહ્યા વગર જ સગાં–સંબંધીઓને મારો અને મમ્મીનો પ્રેમ સમજાય જાય. પપ્પાએ થોડું વિચારીને હેત્વીને કહ્યું:

“દુનિયા મે સબ ચીજ મિલ જાતી હૈ,
કેવલ અપની ગલતી નહીં મિલતી.”

પપ્પાએ કહેલી પહેલીનો અર્થ જાણવા માટે હેત્વી મનોમન વિચારવા લાગી કે મારી સ્મિતા મમ્મી આ દુનિયા છોડીને ભગવાનને પ્યારી થઈ ગઈ તો મને મારી આ નવી મમ્મી પણ મળી ગઈ. હા, એ વાત સાચી કે મારી આ વંદના મમ્મી કોઈ ચીજવસ્તુ નથી પણ મને મળેલી God Gift છે. જિંદગી એક ગિફ્ટ છે, કબૂલ કરો તો જિંદગી એક અહેસાસ છે એ મહેસૂસ કરો તો જિંદગી એક મિલન છે, અને જો સાચા દિલથી કોઈને પ્યાર કરો તો જિંદગી એક જન્નત છે.

હેત્વીને મનોમન બહુ દુઃખ થયું કે મારી આ મમ્મી મને આટલો બધો પ્રેમ કરે છે કે મારા માટે તો આ ધરતી પર જ સ્વર્ગ છે અને હું મનોમન દુઃખી થાઉં છું કે આ મારી બીજી મમ્મી છે અને વિચારતી રહી કે જો મારી સ્મિતા મમ્મી આ દુનિયામાં મારી સાથે હોત તો મારી જિંદગીને મારી દુનિયા કાંઈક અલગ જ હોત ! હું જે વિચારતી હતી તે જ મારી સૌથી મોટી ભુલ હતી. હેત્વીને પપ્પાની કહેલી વાત યાદ આવી : “ભુલ હોના પ્રકૃતિ હૈ, માન લેના સંસ્કૃતિ હૈ, ઔર ઉસે સુધાર લેના પ્રગતિ હૈ.”

હેત્વીએ પોતાના પપ્પા સુરેશભાઈ અને મમ્મી વંદનાબહેનની માફી માંગી. પપ્પા હત્વીને સમજાવે છે કે બેટા જિંદગી એ સૌથી અઘરી પરીક્ષા છે. ઘણાં લોકો બીજાની કોપી કરીને ફેલ થાય છે. એમને ખબર નથી હોતી કે દરેકની જિંદગીનું પ્રશ્નપત્ર અલગ અલગ હોય છે.

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

વંદનાબહેન હેત્વીને સમજાવે છે કે "બેટા, જીવનની કોઈ પણ ઘટનાને કેવી રીતે મુલવવી એ આપણા હાથની વાત છે. જો આપણે નકારાત્મક વિચારશું તો તે આપણને દુ:ખોની ઊંડી ખાણ તરફ લઈ જશે અને જો સકારાત્મક વિચારશું તો એ આપણને સુખના શિખરો તરફ લઈ જશે. આપણે ક્યાં જવું છે એ આપણે જ નક્કી કરવાનું છે. !"

જીવન મેં આપસે કૌન મિલેગા,
યે સમય તય કરેગા,
જીવન મેં આપ કિસસે મિલેંગે,
યે આપકા દિલ તય કરેગા,
પરંતુ જીવન મેં આપ કિસ કિસ કે દિલમેં બને રહેંગે,
યે તો આપકા વ્યવહાર હી તય કરેગા.

હેત્વીની આંખમાં હર્ષના આંસુ આવી ગયા અને તે મમ્મીને ભેટીને કહેવા લાગી કે "તમે મને પ્રોમીસ કરો કે તમે મને છોડીને ક્યાંય નહીં જાવ" હેત્વી ગીત ગાય છે :

યું તો મેં દિખલાતી નહીં, પર અંધેરો (દુ:ખો) સે ડરતી હું મે માઁ ।
યું તો મેં બતલાતી નહીં, તેરી પરવાહ કરતી હું મે માઁ ।
તુજે સબ હૈ પતા હે ના માઁ, તુજે સબ હૈ પતા મેરી માઁ ।

હેત્વી મમ્મીને ભેટીને રડતાં રડતાં વિચારવા લાગી કે

કોન કહતા હૈ ? આંસુઓમેં વજન નહીં હોતા,
એક આંસુ ભી છલક જાતા હૈ તો મન હલ્કા હો જાતા હૈ,
જિંદગી મેં કિસી કા સાથ હી કાફી હૈ,
કંધે પર કિસી કા હાથ હી કાફી હૈ,
દુર હો યા પાસ.... ક્યા ફર્ક પડતા હૈ ?
માઁ જૈસે અનમોલ રિશ્તોં કા તો બસ એહસાસ હી કાફી હૈ.

"માનો પ્રેમ એટલે ધરતી પરનું અમૃત"."મા" કે જેના વગર આપણો જન્મ જ શક્ય નથી અને "મા" કે જે આખી જીંદગી પોતાના સુખ દુ:ખની પરવા કર્યા વિના, પોતાની બધી ઈચ્છાઓની કુરબાની આપીને પતિદેવ, સાસુ – સસરા અને બાળકોની સેવા કરતી "દેવી". "મા–બાપ" તો આપણને જન્મતાં વેત જ મળતા ઈશ્વરનાં આર્શીવાદ છે પરંતુ "મા" તો જન્મ પહેલાં જ આપણને મળેલા આશીર્વાદ સાક્ષાત "ઈશ્વર" છે.

**– ચાંદની શાહ, રાજકોટ**

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

# સ્વીકાર અને સહનશીલતા



સ્વીકાર અને સહનશીલતાની માત્રા મારા તમારા અને આપણામાં ઘટતી જાય છે. સતત ઘટતી જાય છે અને આપણી, કોઈ પણ જ્ઞાતિ જાતિ પ્રજાતિ કુટુંબ સંસ્કાર ધર્મ ઉછેર નોકરી ધંધો રસ શોખ... હોય પણ આપણે આપણી વડવાઓની પેઢીઓ અને આગલી પેઢીઓની સરખામણીમાં (કોઈ પણ વ્યક્તિ વિચાર વસ્તુ... જૂથ, મંડળ, સંપ્રદાય... વિષયે) સ્વીકાર–ભાવ અને સહન–શક્તિ બાબતે આપણું સ્તર લગભગ શૂન્ય સ્તરે અથવા અથવા cheap sick તથા perversionની કક્ષાએ પહોંચી ગયું છે.

સ્વતંત્રતાના ભાવને આપણે સ્વચ્છંદતામાં પરિવરર્તિત કરી મૂક્યું છે. પરસ્પર અવલંબન અને એકબીજા પર આધારિતતા હોય અને એને અનુસરી જો સ્વીકારભાવ અને સહનશીલતા વિકસી હોય તો એ જરૂરિયાતના માળખામાં ફીટ બેસે છે, માનવીય અનુકૂલનના ભાવમાં એ ફિટ નથી થતું.

આપણને માફક આવે કે ન આવે, હું તમે અને આપણે સૌ એકબીજા પર ઘણાં જ નિર્ભર છીએ, આધારિત છીએ, અવલંબિત છીએ અને ઘણી બધી બાબતે પરાવલંબન આપણો સ્વભાવ અને ટેવ બની ચુક્યા છે. વાત એ છે કે જ્યારે આપણી આજુબાજુ કોઈ નથી હોતું, મનમાં પણ કોઈ નથી હોતું,... ત્યારે જે ખાલીપો વર્તાય છે, જે શૂન્ય અને શૂન્યના વલયો સર્જાય છે... તે વ્યક્તિ પોતે જ સમજી શકે, બીજું કોઈ નહિ.

એકલતા અને એકાંત બન્ને જીરવવા અઘરા છે અને એકાંત તો વ્યક્તિ જેમ તેમ કરી સહી જાય છે, એકલતા નહિ. ભલે અજાણ્યો તો અજાણ્યો પણ કોઈક જીવિત વ્યક્તિ આજુબાજુમાં હોય, atleast નજરે ચડતો હોય તો પણ આપણી (માનસિક અને શારીરીક, સૂક્ષ્મ અને સ્થૂળ) આધારીતતા અને નિર્ભરતાનો પ્રકાર એવો છે કે આપણને એ સારું લાગે છે, બલ્કે ઘણું સારું લાગે છે અને આ ભાવ હું તમે અને આપણે મોટે ભાગે દર્શાવવા ઉત્સાહિત નથી હોતા.

જંગલની પ્રગાઢ શાંતિમાં આપણને ગમે કે ન ગમે, અનુકૂળ આવે કે ન આવે, પણ

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હિંસક પશુઓના અવાજ, પક્ષીઓનો કલશોર,... આપણને જીવન હોવાની અનુભૂતિ આપે છે અને એ દ્વારા આપણે પણ 'જીવંત' હોવાનું અનુભવીએ છીએ. આ જે જીવંત હોવાનો ભાવ અને પ્રભાવ છે એ બીજાને સ્વીકાર કર્યાનો ભાવ છે અને એની આદત એ અંતિમ પરિણામે સહન-શીલતા છે. બન્ને પરસ્પર એક અને એકમેવ છે, છુટા અને વિરુદ્ધ નથી.

હું, તમે અને આપણે સૌ કોઈ અને કોઈકની સાથે કુટુંબમાં રહીએ છીએ. જીવિત વ્યક્તિ આજુબાજુમાં હોય, atleast નજરે ચડતા હોય તો પણ આપણી (માનસિક અને શરીરી, સૂક્ષ્મ અને સ્થૂળ) આધારીતતા અને નિર્ભરતાનો પ્રકાર એવો છે કે આપણને એ સારું લાગે છે, બલ્કે ઘણું સારું લાગે છે અને આ ભાવ હું, તમે અને આપણે મોટે ભાગે દર્શાવવા ઉત્સાહિત નથી હોતા.

હું તમે અને આપણે સૌ કોઈ અને કોઈકની સાથે કુટુંબમાં રહીએ છીએ, મિત્રો અને પડોશીઓ જોડે રહીએ છીએ, સહકર્મચારીઓ જોડે જીવીએ છીએ અને પુરા આર્થિક સામાજિક ધાર્મિક રાજકીય... વાતાવરણને અનુકૂળ થવા પ્રયત્નશીલ રહીએ છીએ, ... આ સીધો કે આડકતરો સ્વીકાર છે અને એમને નભાવવાની, ચલાવી લેવાની સહનશીલતા છે.

સ્વીકાર અને સહનશીલતાના પાયામાં પ્રેમ અને હૂંફ છે કે જે સામાજિક પ્રાણી એવા માનવ-જીવની પ્રાથમિક જરૂરિયાત છે. દરેકની વિચારસરણી, અભિગમ, ગમો-અણગમો, જુદા પડતા હોય છે પણ સામાજિક પ્રાણી તરીકે સાથે અને જોડે રહેવું, સમૂહમાં રહેવું, જૂથ બનાવી રહેવું એ પણ જરૂરિયાત છે અને આ જરૂરિયાતના તાણાવાણા સ્વીકાર અને સહનશીલતા દ્વારા બંધાય છે.

હું તમને ચલાવી લઉ, જેવા છો તેવા અને હું જેવો છું તેવો, તમે મને નભાવી લો અને હું અને તમે સૌને,... એટલે એ નબળાઈ નથી, એ ચલાવી લેવાની વૃત્તિ અને સ્વભાવ ભલમનસાહી નથી ... પણ માનવમનનું બંધારણ જ એવું છે કે આપણે થોડી બાંધછોડ કરી એકબીજાને પરસ્પર નભાવીએ છીએ, ચલાવીએ છીએ... અને ખરેખર તો એ માનસિક જરૂરિયાત પણ છે ... અને એટલે જ પુરી દુનિયામાં માનવ સભ્યતા આ સ્તરે પહોંચી છે.

આ સ્વીકાર અને સહનશીલતાના ગુણનો વિકાસ ન થયો હોય તો મેં તમે અને

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

આપણે બધાએ એકબીજાને ક્યારનાય રહેંસી નાખ્યા હોત અને આ હિંસક ગુણ મારફતે વિવિધ માધ્યમમાં આપણા ઘણા માનવબંધુઓ જીવ ગુમાવી ચુક્યા છે. એકબીજાને સાંખી લેવા, સંભાળી લેવા, ચલાવી લેવા, ... એ માનવધર્મના ઘણા સિદ્ધાંતોમાંથી એક છે અને આ principleને આપણે જાણે અજાણે, સમજીને કે routineની રીતે, સ્વંય સ્ફુરીત રીતે, કે બસ એમ જ અનુકુળ થતા રહીએ છીએ.

**– પરેશ એચ શાહ,વડોદરા, મો: ૯૨૨૭૧ ૦૪૮૯૬**

## શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ.

## હોળીના રસીયા.

શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ૧૩ માર્ચના રોજ વલ્લભ સદન, આશ્રમરોડ ખાતે હોળીના રસીયાના કાર્યક્રમમાં ૪૧ બહેનોએ ગાયક શ્રી ધીરજભાઈ (અસારવા બેઠકના મુખિયાજી)નો લાભ લીધો.

શ્રી ધીરજભાઈએ મંગલાચરણથી કાર્યક્રમની શરૂઆત કરી. વ્રજ ભાષાના રસીયામાં ૩ કલાક સૌએ મઝા લૂંટી. બહેનોએ ફુલોથી એકબીજાને રંગી આનંદ વ્યક્ત કર્યો. રસીયાના શબ્દો અને લયમાં ગરબા અને નૃત્ય કરીને તન, મનથી ખોવાઈ ગયા.

કેસુડાં અને હોળીના રંગોને કારણે ફાગણને ફોરમતો કીધેલ છે. આપણા તન, મન ને પ્રફુલ્લિત કરતો, ફોરમતો–લહેરાતો ફાગણ અને રસીયા કોને ન ગમે? શ્રી આરતીબહેન વી. પરીખ તરફથી ફુલ, શ્રી લજ્જાબહેન એચ. શાહ અને શ્રી ભારતીબેન એસ. પરીખ તરફથી ટોપરાપાકનો પ્રસાદ, શ્રી દીનાબહેન કે. પરીખ તરફથી નાસ્તો, શ્રી બિંદુબેન વી. પરીખ તરફથી તેમની પૌત્રી વિશ્વાના જન્મ નિમિત્તે ફગવાની સેવાનો લાભ મળ્યો.

શ્રી સ્મૃતિબહેન આર. શાહ તરફથી ૫૦૦/–, ગેસ્ટશ્રી નીલાબેન એચ. શાહ ના ૫૦૦/–, શ્રી લત્તાબેન એલ. પરીખના ૫૦૦/–, શ્રી સંયુક્તાબહેન આર. શાહના ૫૦૦/–ના યોગદાનને સહર્ષ સ્વીકારવામાં આવ્યા.

કમિટી બહેનોનો સાથ સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો અને રસીયાની યાદગાર સ્મૃતિ સાથે જય શ્રી કૃષ્ણ કહી સૌ છૂટા પડ્યા.

**લજ્જાબેન શાહ, પ્રમુખ** **મીતાબહેન પરીખ, મંત્રી**

સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

## કોરોના વિષેના મારા અનુભવો



(હું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગમાં ફરજ બજાવું છું. હું વર્ષ ૨૦૦૫ થી જાહેર આરોગ્યની સેવાઓ સાથે સંકળાયેલો છું. અહીં આ અનુભવો લખવાનો ઉદ્દેશ ફક્ત પ્રાથમિક જાણકારી આપવાનો જ છે.)

### ભાગ–૧ (૧૯ એપ્રિલ)

વર્ષ ૨૦૨૦ની શરૂઆત થઈ અને આપણા દેશમાં કોરોનાના ભયની શરૂઆત થઈ. વિદેશથી આવતા લોકોને કોરોના શંકાસ્પદ ગણી ને દરેક વ્યક્તિનું લાઈન લિસ્ટ આવવા લાગ્યું હતું અને તે વ્યક્તિ જે વોર્ડમાં રહેતો હોય. ત્યાંના લોકલ હેલ્થ સ્ટાફ ને તેની સંપૂર્ણ ડીટેલ લેવાની હતી. બસ, આવી રીતે જ મારી રોજની કામગીરી ઉપરાંત દરેક વિદેશથી આવતા વ્યક્તિની હિસ્ટરી લેવાનું મેં શરૂ કરી દીધું હતું અને ઉપલા લેવલ સુધી તેનું સમયસર રિપોર્ટીંગ થતું હતું. થોડા સમય આમ ચાલ્યું. રૂટીન કામગીરી ઉપરાંત હું દરેક વિદેશથી આવેલી વ્યક્તિની હિસ્ટરી લેતો હતો.

થોડા સમય બાદ જ્યારે કોરોનાના દર્દી વધવા લાગ્યા ત્યારે હવે વિદેશથી આવેલા દરેક વ્યક્તિ અને તેના ઘરના વ્યક્તિઓની પૂછપરછ અને સાથે સાથે હવે હું મારા વોર્ડના જાહેર સ્થળો જેમ કે, મંદિર, મસ્જીદ જેવા ધાર્મિક સ્થળો, સ્કૂલ, કોલેજ, પ્રાઈવેટ સોસાયટી, ઉપરાંત જ્યાં પણ લોકો ભેગા થતા હોય કે રહેતા હોય, કામ કરતા હોય ત્યાં જઈને કોરોનાની ગેરમાન્યતાઓ વિશે અને કોરોના આપણને ન થાય તે માટે શું શું કરવું જોઈઅ અને ન કરવું જોઈએ તે વિશે લોકોને સમજાવતો હતો. જેથી લોકોમાં ભય ન ફેલાય અને લોકોને કોરોનાની સાચી માહિતી મળે. આ બધું કરવા માટે અમને અમારા એપીડેમીક હેલ્થ ઓફિસર દ્વારા ખૂબ જ ઉપયોગી તાલીમ પણ આપવામાં આવી હતી. જે સાચી માહિતી અમે સામાન્ય વ્યક્તિ સુધી પહોંચાડતા હતા. સાથે સાથે દરેક વ્યક્તિના યોગ્ય પ્રશ્નોના જવાબ પણ આપતા હતા. આમ અમારું લોકસેવાનું કામ સરસ રીતે ચાલતું હતું.

હવે કોરોનાની ગંભીરતા સામે આવવા લાગી હતી. લોકો હજુ બેજવાબદારીભર્યું વર્તન કરતા હતા. જેથી હવે જે વ્યક્તિ જાહેરમાં થૂંકતા હોય તેની પાસેથી અમે દંડ વસુલવાની કામગીરી શરૂ કરી હતી. જાહેરમાં જ્યાં શાકભાજી બજાર ભરાતું હોય, પાનના ગલ્લા પાસે, રીક્ષા સ્ટેન્ડ પાસે, એમ વિવિધ જગ્યાએ હું મારી ટીમ સાથે જતો

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

અને લોકો પાસેથી દંડ વસૂલ કરતો. આનો હેતુ માત્ર લોકો થુંકે નહીં અને કોરોના વધારે ફેલાય નહીં તે જ હતો.

થોડા જ સમયમાં કોરોનાના કેસો વધવા લાગ્યા અને કમિશ્નર સાહેબનો આદેશ થયો કે છેલ્લા ૧૪ દિવસમાં જે પણ વિદેશથી આવેલા વ્યક્તિ હોય તેને ફરજીયાત ક્વોરેન્ટાઈન કરવામાં આવે અને મારી જવાબદારી ઘણી વધી ગઈ. હું અને મારી ટીમ પાસે રોજે રોજ દરેક વિદેશથી આવેલા વ્યક્તિનું લીસ્ટ આવવા લાગ્યું અને તે વ્યક્તિને અમે સમજાવીને ક્વોરેન્ટાઈન કરવા લાગ્યા. સાથે સાથે તેમને દરેક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ઘર બેઠા પુરી પાડવામાં આવી. જેથી તે વ્યક્તિ કે તેમના ઘરના કોઈ પણ વ્યક્તિ ઘરની બહાર ન નીકળે. ધીમે ધીમે લોકો હવે ગંભીર થવા લાગ્યા હતાં, પણ હજુ કોરોનાનો કેર બાકી હતો.

લોકડાઉનની જાહેરાત થઈ. લોકો ને હવે, કોરોનાની ગંભીરતા સમજાવા લાગી. અમે હવે લોકોને ક્વોરોન્ટીનની કામગીરી ઉપરાંત તે ઘરની સેનેટાઈઝેશનની કામગીરી પણ શરૂ કરી દીધી હતી.

હજુ, પણ કોરોનાના કેસો વધવા લાગ્યા હતા. હવે સેનેટાઈઝેશન વધતું ચાલ્યું, ટીમ વધી અને દરેક સોસાયટી, પોળ, ચાલી, જાહેર સ્થળો વિગેરે જગ્યાએ સેનેટાઈઝેન કરવામાં આવી રહ્યું હતું લોકોને ફરજીયાત માસ્ક પહેરવાનું પણ સમજાવતો હતો. જેથી, ચેપ ફેલાતો અટકાવી શકાય.

ફરીથી લોકડાઉન વધવાની જાહેરાત થઈ અને હવે કોરોનાના ટેસ્ટ પણ વધારવામાં આવ્યા. વધારેને વધારે લોકોના રિપોર્ટ કરવામાં આવતા હતા. અમે પણ શંકાસ્પદ કેસો ફિલ્ડમાંથી શોધીને મોકલતા હતા જેથી શંકાસ્પદ કેસનું જલ્દી નિદાન થાય અને રોગ ફેલાતો અટકાવી શકાય. એક તબક્કે હું પણ કોરોના શંકાસ્પદ હતો. જેથી મેં પણ કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હતો. મને ડર હતો કે રિપોર્ટ શું આવશે? પણ ભગવાન પ્રત્યે મારો વિશ્વાસ હતો, મારો ઉદ્દેશ દેશસેવાનો હતો. મારો રિપોર્ટ નેગેટિવ આવ્યો. મેં હાશકારો અનુભવ્યો.

આ કટોકટીના સમયમાં મારા પરિવારનું પણ મારે ધ્યાન રાખવાનું હતું. મારા દ્વારા મારા પરિવારને ચેપ ન લાગે તેનું પણ હું ધ્યાન રાખતો હતો. ઘરના પ્રવેશદ્વાર પાસે જ સેનીટાઈઝરની બોટલ રાખી હતી. જેથી ઘરમાં પ્રવેશતાં પહેલાં મારી બધી જ વસ્તુઓ હું સેનેટાઈઝરથી સાફ કરતો, ત્યાર બાદ જ ઘરમાં પ્રવેશ કરતો. ઘરમાં જઈને સીધા બાથરૂમમાં જવાનું, બહારનાં કપડાં એક અલગ ડોલમાં મૂકી પાણીમાં પલાળી દેતો. પછી બહાર નીકળીને મારા પરિવારને મળતો. ઘરની બધી વસ્તુઓ પણ હું જ બહારથી

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

લાવતો હતો, મારા ઘરનું કોઈ પણ વ્યક્તિ આ સમયમાં લોકડાઉનના કોઇ પણ નિયમનું ઉલ્લંઘન ના કરે તે હું જોતો હતો, મારી ડ્યુટી ઘરની અંદર અને બહાર બે જગ્યાએ સારી રીતે નિભાવવી મારા માટે જરૂરી હતું.

**ભાગ -૨ (૧૮ મે)**

કોરોનાની મહામારી ક્યારે કાબુમાં આવશે ? આ યક્ષ પ્રશ્ન દરેકને પજવી રહ્યો છે, અમે આરોગ્ય વિભાગના કાર્યકરો તો હવે કોરોના સાથે જાણે જીવતા ટેવાઈ ગયા છીએ. રવિવારે પણ અમારી ડ્યુટી ચાલુ હોય છે. ૮ કલાકની જગ્યાએ ૧૨ થી ૧૩ કલાકની ડ્યુટી કરીએ છીએ.

આ અંતર્ગત મારી ડ્યુટી સિવિલ હોસ્પિટલમાં સ્પેશ્યલ બનાવેલ કોરોના હોસ્પિટલમાં હોમ આઈસોલેશન અંતર્ગત થયેલી હતી. આ જગ્યાએ મને કોરોનાને ઘણી નજીકથી જોવાની, સમજવાની અને સમાજ સેવા કરવાની તક મળી. પહેલાં દિવસે જ્યારે હું કોવીડ હોસ્પિટલમાં ગયો, ત્યારે તો ખૂબ જ ડર લાગતો હતો, કોરોના પોઝિટિવ દર્દીઓ કે જેમને ખાસ કોઈ મોટી તકલીફ ન હોય, જેમને ઓક્સિજન કે વેન્ટિલેટરની જરૂર ના હોય તેવા દર્દીઓને દવા આપીને બીજાને ચેપ ન લાગે તે રીતે સમજાવીને તેમનું ફોર્મ ભરાવીને હોમ આઈસોલેશનની કામગીરી હું કરતો હતો. કોરોનાના દર્દીઓની સંખ્યા ખૂબ જ વધી ગઈ હોવાથી હવે આ ૧૨૦૦ બેડની હોસ્પિટલ પણ આખી ભરાઈ ગઈ હતી અને જેમને ખરેખર સાચી ટ્રીટમેન્ટની જરૂર હોય તેમને ટ્રીટમેન્ટ માટે તકલીફ પડતી હોવાથી હવે એ-સીમ્પ્ટોમેટ્રીક દર્દીઓને ઘરે જ આઈસોલેશન કરવા તેવું નક્કી થયેલ હતું. જેથી હોસ્પિટલ પરનું ભારણ ઓછું કરી શકાય અને ડોક્ટર્સ દ્વારા વધારે સારી કામગીરી અને ટ્રીટમેન્ટ આપી શકાય.

બપોરના ધોમધખતા તાપમાં પણ અમારી આ ડ્યુટી હોસ્પિટલની બહાર બનાવેલા પીળા મંડપમાં સતત ચાલુ હતી. એક પછી એક કોરોના પોઝિટિવ દર્દીઓ આવતા હતા, અને અમે તેને સમજાવીને, ફોર્મ ભરાવીને એ.એમ.ટી.એસ. દ્વારા ઘરે પહોંચાડતા હતા. સાંજના દ્રશ્યો હચમચાવી નાખે તેવા હતા. હોસ્પિટલની બહારના કાચ સન ગ્લાસીસ હતા. જેથી બપોરે તો હોસ્પિટલની અંદર શું થાય છે? તેની ખબર ન હોતી પડતી પણ સાંજે સૂર્યાસ્ત પછી અંદરના દ્રશ્યો અમારી બરાબર સામે આવેલા આઈ.સી.યુ.માંથી જોઈ શકાય તેમ હતા. પી.પી.ઈ કીટ પહેરેલ ડોક્ટર્સ અને નર્સ દર્દીને બચાવવા માટે સતત મથતા અમે જોયા છે. ઓક્સિજનની પાઈપલાઈનમાંથી સતત ઓક્સિજન માટે તડપતા દર્દી જોઈને આપણી શું હાલત થાય તેનો અનુભવ વર્ણવી શકાય નહીં તેવો છે. જીંદગી અને મૃત્યુ સાથેનો દર્દીનો સંઘર્ષ જમાએ હજુ આંખ સામે તાદ્રશ્ય થાય છે.

## ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

હું અને અમારી ટીમ સવારે ૯:૦૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ કે ૧૧:૦૦ વાગ્યા સુધી સતત ચાલતી હોમ આઈસોલેશનની પ્રક્રિયા સમાજસેવાના ભાગરૂપે દિલથી કરતા હતા, સાથે સાથે અમારી સુરક્ષા પણ એટલી જ જરૂરી હતી, કે જેથી અમને કોરોનાનો ચેપ ના લાગે. જો અમે ચેપી હોઈએ તો અમારા પરિવારની સુરક્ષા તો જોખમાય જ સાથે સાથે, કોરોનાના દર્દીઓને જરૂરી સેવાઓ કોણ આપશે? તે પણ પ્રશ્ન હતો. જો અમે ડરીને ઘરે બેસી જઈએ તો અમદાવાદની આવી ખરાબ હાલત માટે અમે પણ જવાબદાર ઠરીએ. અમને સરકારશ્રી તરફથી એન–૯૫ માસ્ક, હેન્ડ સેનીટાઈઝર, કેપ, ગ્લોઝ, જરૂર મુજબ આપવામાં આવતા હતા. પી.પી.ઈ. કીટના ખડકલા અહીં ફુટપાથ થયેલા જોવા મળતા હતા. અમને પણ પી.પી.ઈ. કીટ મળતી હતી પણ આવી ગરમીમાં ૧૩ કલાક સુધી પી.પી.ઈ. કીટ પહેરી રાખવી અશક્ય હતું. જેથી અમે કીટ સિવાયની વસ્તુઓનો ઉપયોગ કરીને સુરક્ષા રાખતા હતા. આટલા મોંઘી કીટનો યોગ્ય ઉપયોગ થાય તે જોવું પણ અમારે જરૂરી હતું.

હોમ આઈસોલેશનની યોગ્ય ગાઈડલાઈન મુજબ હું કામ કરતો હતો અને તેનું યોગ્ય રિપોર્ટીંગ પણ કરવામાં આવતું હતું. જરૂરી ડોક્યુમેન્ટનું યોગ્ય ફાઈલીન્ગ કરતો હતો. અમુક તબક્કે અમુક કારણોસર દર્દી સાથે હોમ આઈસોલેશન બાબતે તકરાર પણ થતી હતી. તેમને સમરસ હોસ્ટેલમાં કે પછી પરત દાખલ કરવા તે પણ હું નક્કી કરતો હતો, સ્વાભાવિક છે કે આવા સમયે દરેકનો સ્વભાગ ગુસ્સાવાળો થઈ ગયો હોય, તેવામાં મારી તકરાર કોવીડ હોસ્પિટલના નોડલ ઓફિસર શ્રી ડો. કાર્તિકેય સાહેબ સાથે પણ થઈ હતી પણ પછી તો તે સાહેબ મને મારા નામથી પ્રેમથી બોલાવતા હતા. હું પણ તેમને આદર આપતો હતો. તેમની સાથે મારી સારી મિત્રતા થઈ ગઈ હતી.

અહીં દર્દીઓ માટે ઘણી સેવાભાવી સંસ્થાઓમાં દ્વારા માસ્ક વિતરણ કરવા માટે અમને માસ્ક આપવામાં આવ્યા હતા. જે દર્દી પાસે રૂમાલ કે માસ્ક ના હોય તેમને અમે માસ્ક આપતા હતા. દર્દીને ઘેર જવાની જે ખુશી મળતી હતી, તે જોઈને અમને પણ આનંદ થતો હતો, દરેક દર્દીને સિવિલ હોસ્પિટલ તરફથી એક ફુડ પેકેટ પણ અમે આપતા હતા.

આમ, અમારા કોરોના સાથેના સંઘર્ષના દિવસો પસાર થયા હતા. પણ હજુ કોરોના સામેની અમારી લડાઈ ચાલુ જ છે.

– **રીપલ પરીખ**

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

# અનુભવનું અમૃત



એક સારા વિચારક તરીકે જેમની નામના છે એવા એક પ્રોફેસર મિત્રને હું મળવા ગયો. અમે વાતો કરતાં બેઠા હતાં ત્યાં તેમની પડોશમાં રહેતા વડીલ આવ્યા. પ્રોફેસરે કહ્યું 'વડીલ, એ જાણીને મને બહુ આનંદ થયો કે તમે પતિ–પત્ની બંને યાત્રા કરવા જાઓ છો.' 'હા, યાત્રામાં જવાનું નક્કી કર્યું છે. છોકરાઓનો બહુ આગ્રહ છે. પણ હજી મન માનતું નથી.' 'કેમ મન માનતું નથી ? તમે તો ભાગ્યશાળી છો કે પુત્રો સામેથી આગ્રહ કરીને યાત્રા કરાવે છે. આ જમાનામાં આવું બહુ ઓછી જગ્યાએ બને છે.' 'હા, તમે કહો છો એ રીતે હું ભાગ્યશાળી છું છતાં યાત્રામાં જતા થોડી ચિંતા રહ્યા કરે છે.'

'શાની ચિંતા ? તમારા બંને પુત્રો સારી નોકરી કરે છે. તમને પણ નિવૃત્તિ વેતન મળે છે. ઘર વ્યવહારનો બધોય બોજો તમારા પુત્રો જ સંભાળે છે. તમારા બંનેનું સ્વાસ્થ્ય પણ સારું છે. યાત્રામાં સારો સાથ–સંગાથ છે તો પછી ચિંતા શાની ?'

'ઘર બાબતની તો ખાસ ચિંતા નથી પણ તમે પેપરમાં વાંચો છો ને કે આજકાલ રેલ્વે–બસોના કેટલા બધા અકસ્માતો થાય છે. જ્યાં જઈએ ત્યાં ઉતારા પાણીની ચિંતા. સારી જગ્યા મળી ન મળી. ખાવા, પીવા, સુવાની મુશ્કેલી અને હમણાં ગુંડાગીરી પણ કેટલી બધી ફાલીફૂલી છે. અમે અજાણ્યા ક્યાંય ફસાઈ પડીએ તો ? અમારામાંથી કોઈ સાજુમાદું થયું તો? આ બધા વિચારો કરું છું ત્યારે મન પાછું પડી જાય છે !' વડીલે પોતાની ચિંતા વર્ણવી સહેજ હસ્યા પછી અટકીને પ્રોફેસર બોલ્યા–'તમે કાલ્પનિક મુશ્કેલીઓનું વર્ણન કર્યું તેમાંથી તમારે ભાગે કેટલી મુશ્કેલીઓ આવવાની ? અત્યારથી તો એની કેમ ખબર પડે ? જેની ખબર નથી તેની ચિંતા અત્યારથી શા માટે કરો છો ? તમે ખરેખર જે આનંદ માણવાના છો તેનો વિચાર કેમ નથી કરતા ? પ્રવાસનો આનંદ નયનરમ્ય પ્રાકૃતિક દ્રશ્યો, દેવદર્શન, પવિત્ર નદીઓમાં સ્નાન, અવનવા પરિચયો, અણધાર્યા અનુભવો અને ખાસ તો ઘાણીના બેલની જેમ જીવાતી એક જ ઘરેડની એકધારી નિરસ જીંદગીથી મુક્તિ. મનને આનંદ અને ઉત્સાહથી ભરી દે તેવા અનેક આનંદ – વૈભવોના તમે અનુભવ કરવાના છો આ વાસ્તવિકતાનો વિચાર તમે કેમ કરતા નથી ? અને જે મુશ્કેલીઓનું માત્ર કલ્પના સિવાય અસ્તિત્વ જ નથી. એની ચિંતામાં ચોક્કસ મળનારા આનંદને શા માટે બાળી નાખો છો ? વડીલ, તમે તો મારાથી મોટા અને

અનુભવી છો. છતાં પ્રસંગ નીકળ્યો છે એટલે કહું છું. અવિનય થતો હોય તો માફ કરજો.'

મેં એક સારા વિચારક લેખકનું પુસ્તક વાંચ્યું. તેમાં "માનવીના મન"નું સારું પૃથક્કરણ કરવામાં આવ્યું છે. લેખકે જણાવ્યું કે જેનું મન નિર્બળ હોય એવા માણસોને ક્યાંય આનંદ આવતો નથી. ગમે ત્યારે, ગમે ત્યાંથી, ગમે તે રીતે નિર્બળ મન કાલ્પનિક દુ:ખો–પ્રસંગો ઉભા કરી વર્તમાનમાં મળતા સહજ આનંદને બરબાદ કરી નાખે છે. નિર્બળ મન કીડી જેવું છે તે તો ગમે તેવું સુંદર અને સફાઈદાર મકાન હોય છતાં તે રંગીન લીસી દિવાલોમાંય તીરાડ શોધી કાઢશે. એમ નિર્બળ મન પણ ગમે તેવા આનંદપ્રદ પ્રસંગમાંય દુ:ખદ કલ્પનાઓ ઉભી કરી વર્તમાનના આનંદને મારી નાખે છે. જ્યારે સબળ મનના માણસો વર્તમાનમાં મળતા આનંદને તો પૂરા ઉત્સાહથી માણે છે. તદ્‌ઉપરાંત દુ:ખદ કે મુશ્કેલ પરિસ્થિતિમાંય કોઈ આનંદપ્રદ કલ્પના ઊભી કરી દુ:ખને હળવું બનાવી શકે છે.

ભૂતકાળમાં જે બન્યું તે તો ચાલ્યું ગયું પછી તેના વિચારો મનમાં ઘોળ્યા કરી દુ:ખી શા માટે થવું ? ભવિષ્યમાં શું થવાનું છે તે આપણે જાણતા નથી તો તેના વિચારો કરી મનને શા માટે દુ:ખી કરવું ? જીવવાલાયક તો વર્તમાનકાળ છે. આપણા જીવનમાં તેનું જ મહત્વ છે. એ જ ભુતકાળ બનવાનો છે અને ભવિષ્યનો પાયો પણ એ જ નાખવાનો છે. કલ્પના તો સારી કે ખરાબ બંને થઈ શકે. મનમાં અમુક દુ:ખદ કલ્પનાની ગ્રંથિ સાથે તમે યાત્રા કરવા જશો તો યાત્રાનો ખરો આનંદ તમે શી રીતે મેળવી શકશો. પરંતુ દુ:ખદ કલ્પનાઓને ખંખેરી યાત્રામાં તમે આનંદના વિચારોનું ભાતું લઈને તમે જશો તો જ યાત્રાનો ખરો આનંદ તમે માણી શકશો. સાચો આનંદ મેળવવા જરૂર છે દ્રષ્ટિ બદલવાની. એક જ વસ્તુ કે પ્રસંગમાંથી મન આનંદ પણ મેળવી શકે અને દુ:ખ પણ મેળવી શકે છે. તે વસ્તુ કે પ્રસંગને કયા દ્રષ્ટિકોણથી મન નિહાળે છે તેના ઉપર જ તેનો મુખ્ય આધાર રહેલો છો. દ્રષ્ટિ બદલો અને આગળ ચાલો.

મનુષ્ય નાહક આખા વિશ્વની ચિંતાઓ અને વ્યર્થ બોજો પોતાના માથા પર લઈને ફરતો હોય છે. ધ્યાન રાખો કે પ્રભુની પીઠ ઘણી જ વિશાળ છે. તેથી તમારો વ્યર્થ બોજો પ્રભુને શા માટે સોંપી દેતા નથી. પિતાને સંતાનની ફીકર હોય છે. તેમ પરમાત્માને આત્મારુપી સંતાનોની સતત ફીકર હોય છે. પરમાત્મા એ પોતાના સંતાનોનું કશું ખોતુ થવા દે?

**– દીલીપ શાહ, મુંબઈ**

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## Shree vayada vanik seva trust
## APPLICATION FOR FINANCIAL ASSISTANCE FOR EDUCATION

| | |
|---|---|
| Student's Name<br>વિદ્યાર્થીનું નામ | |
| Residential Address<br>રહેઠાણનું સરનામું | |
| Age / વિદ્યાર્થીની ઉંમર | |
| Standard / Semester Studying<br>અભ્યાસનું વર્ષ / સેમિસ્ટર | |
| Under going course (for higher Study only) કોર્સનું નામ | |
| School / College / Institute Name and Address<br>સ્કૂલ/સંસ્થાનું નામ તથા સરનામું | |
| Grade /(%) obtained in Last Exam<br>ગત પરીક્ષામાં મેળવેલા માર્કસ | |
| School / College / Institute Fees (Annual) / સંસ્થાની ફી (વાર્ષિક) | |
| Private Class / Tution Fees (Annual)<br>ટ્યુશન ફી (વાર્ષિક) | |
| Study Material Cost (Annual)<br>વાંચન સાહિત્યની કિંમત | |
| Seminar / Conference Fees (Annual) / સેમીનાર- કોન્ફરન્સ ફી | |
| Total education cost (Annual)<br>વાર્ષિક કુલ ખર્ચ | |
| Father's Name & Age<br>પિતાનું નામ - ઉંમર | |
| Father's occupation<br>પિતાની આર્થિક પ્રવૃત્તિ | |
| Mother's Name and Age<br>માતાનું નામ - ઉંમર | |

'દૃષ્ટિ આઈ ક્લિનિક' - ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

| | |
|---|---|
| Mother's occupation<br>**માતાનો વ્યવસાય** | |
| No. of Brother and Sister<br>**ભાઈ – બહેનોની સંખ્યા** | |
| Annual Income of Family (INR)<br>**કુટુંબની વાર્ષિક આવક** | |
| Phone No. (M) / ફોન નં. (મો.) | |
| Email ID / ઈ–મેલ આઈ ડી : | |
| Financial Assistance received from other sources (INR)<br>**બીજી કોઈ સંસ્થા તરફથી આર્થિક મદદ મળી હોય તો તેની વિગત** | |
| Financial Assistance Required (INR) જરૂરિયાતની રકમ : | |

સૌ જ્ઞાતિજનોને વિદિત થાય કે શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના ઉપક્રમે ચાલુ વર્ષે જ્ઞાતિજનોના લાભાર્થે શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે. શિક્ષણ જ્ઞાતિના ઉત્કર્ષ માટેનું અભિન્ન અંગ છે. જ્ઞાતિજનોમાં શિક્ષણનો અભાવ ન રહે તે ખૂબ જરૂરી છે. આ વિચારને ધ્યાનમાં રાખીને ચાલુ વર્ષે સદરહુ ટ્રસ્ટ હેઠળ શિક્ષણને લગતી પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે. સમગ્ર પ્રવૃત્તિનું આયોજન કરતી વખતે સર્વે જ્ઞાતિજનોના હિતને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. નાણાંકીય સહાય (પાત્ર હોય તેવા જ્ઞાતિજનો માટે) સાથે જ્ઞાન અને અનુભવની જરૂરિયાત પણ પુરી પાડવાનો હેતુ છે.

**અરજી મોકલવાનું નામ અને સરનામું :–**

**શ્રી સુનીલભાઈ આર. શાહ**

બી–૨૦૧, શિરોમણી રેસીડેન્સી, નેહરૂનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૫.
મો.નં.: ૯૮૨૫૦૪૬૨૮૨

**શ્રી મેહુલભાઈ એસ. શાહ**

૨, એમ્બીયન્સ એપાર્ટમેન્ટ, ૮, નવયુગ સોસાયટી, સ્ટેટ બેંક ઝોનલ ઓફીસ પાસે, નેહરૂનગર, અમદાવાદ–૩૮૦૦૧૫ મો.નં.: ૯૮૨૫૪૩૧૬૬૬

ઉપર જણાવેલ પ્રવૃત્તિઓ સદરહુ ટ્રસ્ટના નીતિ નિયમોને આધીન રહેશે. સમિતિ નીતિ નિયમો ને આધીન નિર્ણય લેશે અને સમિતિનો નિર્ણય આખરી રહેશે. તમામ માહિતી ખાનગી રહેશે.

**– શશાંકભાઈ આઈ શાહ, પ્રમુખ**

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટની સમસ્ત જ્ઞાતિજનો માટે જાહેરાત

સ્વ. દેવીબેન પરીખ તથા સ્વ. ગોકળદાસ કાંતિલાલ પરીખની પુણ્યસ્મૃતિમાં "દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ", અમદાવાદ તરફથી જાહેર કરવામાં આવે છે કે, જ્ઞાતિના જરૂરિયાતમંદ વિદ્યાર્થી–વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ ઉચ્ચ શિક્ષણ (હાયર એજ્યુકેશન) (ધોરણ ૧૦ પાસ પછીથી) માટે તેમ જ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને મેડિકલ સહાય મંજૂર કરવામાં આવશે. તે માટે તેઓ વર્ષ દરમ્યાન ગમે ત્યારે એક વખત જ અરજી કરી શકશે. જેઓને આ સહાયની જરૂર જણાય ત્યારે તેઓ વિના સંકોચે અરજી કરી શકશે. ટ્રસ્ટ યોગ્યતાને આધારે અરજી મંજૂર કરશે. આ યોજના મુજબ કોઈ પણ એક વ્યક્તિ / કુટુંબ (વિદ્યાર્થી અને મેડીકલ સહાય બંને)ને, આવેલ અરજીઓને વાંચીને, નિર્ણય કરીને યોગ્ય રકમ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિની બિમારી લાંબો સમય ચાલે તેવી હોય તો તેવી વ્યક્તિ ફરી આવી અરજી પછીના વર્ષે પણ કરી શકે છે. રાહત માટે બીજી કોઈ સંસ્થામાં અરજી કરી હોય તો તેની વિગત આપવી. બીલ / રીસીપ્ટની ઝેરોક્ષ નકલ તા. ૧–૪–૨૦૨૦ થી ૩૧–૩–૨૦૨૧ સુધીની તા. ૧૦–૪–૨૦૨૧ સુધીમાં જ મોકલવાની રહેશે. અરજીની વિગતો તથા તે અંગેનો પત્ર–વ્યવહાર ગુપ્ત રાખવામાં આવશે. અરજદારે અરજીમાં જે તે ગામ/શહેરના જ્ઞાતિના પ્રતિષ્ઠિત વ્યક્તિની સહી તેમ જ તેમનું સરનામું, ફોન નંબર જણાવીને અરજી મોકલવાની રહેશે.
નોધ : અરજદારે આપેલા ફોર્મેટ મુજબ અરજી કરવાની રહેશે.

અરજી મોકલવાનું સરનામું

ઉષાબેન સનતકુમાર પરીખ

દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ,

૭૦૨, નીલદીપ ટાવર, નવરંગ ચાર રસ્તા,

નિરવ કોમ્પલેક્ષની બાજુમાં, નારણપુરા,

અમદાવાદ – ૩૮૦૦૧૪.

અરજીનો નમૂનો :

(૧) અરજદારનું પૂરું નામ – અટક સહિત

(૨) અરજદારનું મૂળ વતન

(૩) મેડિકલ સહાય / અભ્યાસ માટે

(૪) હાલમાં અભ્યાસ કરતા હોય તેની માહિતી

(૫) બીલ / રીસીપ્ટની વિગત કુલ રકમ સાથે

(૬) અરજદારનો ઘરનો તથા મોબાઈલ નંબર

(૭) સાક્ષીની સહી, નામ, પૂરું સરનામું, ફોન નંબર સહિત

(૮) તારીખ :     /   /

(૯) અરજદારની સહી

**– ઉષાબેન સનતકુમાર પરીખ (ટ્રસ્ટી)**

**અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

સ્વ. પ્રભાલક્ષ્મી મોહનલાલ પરીખ ટ્રસ્ટ તરફથી ૧૦૦૦ રૂા.ની મેડીકલ કુપન તથા સ્વ. મંગુબેન પ્રાણલાલ હરીવલ્લભદાસ ટ્રસ્ટ તરફથી ૧૦૦૦ રૂા. મેડીકલની કુપન આપવામાં આવશે.

**– ટ્રસ્ટીઓ**
**જીતેન્દ્રભાઈ એમ. શાહ**
**ઉમાકાન્તભાઈ જે. પરીખ**
**પિયુષ એમ. શાહ**

## તા. ૧-૩-૨૦૨૦ થી તા. ૩૧-૩-૨૦૨૦ સુધી મળેલ રકમની યાદી

| પહોંચ | રકમ | નામ | ગામ | વિગત |
|---|---|---|---|---|
| ૧૧૭૭ | ૬૦૦ | શ્રી રમેશભાઈ ભોગીલાલ પરીખ | અમદાવાદ | પે જા.ખ. |
| ૧૧૭૮ | ૧૬૫૦ | શુભ કોર્પોરેશન | અમદાવાદ | દિ.જા.ખ. |
| ૧૧૭૯ | ૬૫૦ | એચ.એમ. ટ્રેડર્સ | અમદાવાદ | પે જા.ખ. |
| ૧૧૮૦ | ૩૦૦ | શ્રી હરીનભાઈ જે. પરીખ | વડોદરા | જા.ખ. |
| ૧૧૮૧ | ૩૦૦ | રેઈનબો શુઝ | અમદાવાદ | જા.ખ. |
| ૧૧૮૨ | ૫૦૦૧ | શ્રી હરીનભાઈ જે. પરીખ | યુ.એસ.એ. | પેટ્રન.મેમ્બર |
| ૧૧૮૩ | ૧૨૦૦ | ભારતીબેન ભરતકુમાર શાહ | મુંબઈ | પે જા.ખ. |
| ૧૧૮૪ | ૧૫૦૦ | શ્રી પંકજભાઈ આર. પરીખ | અમદાવાદ | દિ.જા.ખ. |
| ૧૧૮૫ | ૨૦૦૦ | મનીષા ટ્રેડીંગ કોર્પોરેશન | વડોદરા | દિ.જા.ખ. |
| ૧૧૮૬ | ૬૦૦ | શ્રી ભોગીલાલ ચાંપશી શાહ | નાસિક | પે જા.ખ. |
| ૧૧૮૭ | ૬૫૦ | એન.વી.પી. કન્સલ્ટન્ટ પ્રા.લી. | અમદાવાદ | દિ.જા.ખ. |
| ૧૧૮૮ | ૩૫૦ | શ્રીજી કાર કેર | અમદાવાદ | દિ.જા.ખ. |
| ૧૧૮૯ | ૧૫૦૦ | દેવીબેન મનુભાઈ પરીખ | વડોદરા | દિ.જા.ખ. |

## વાયડામિત્ર જાહેરખબરનાં દર તા. ૧-૪-૨૦૨૦ થી અમલમાં

(૧) કવર પેજ નં. ૨-૩ (મલ્ટી કલર) વાર્ષિક ૧૦ અંક માટે (દિવાળી અંક સિવાય) — રૂા. ૧૦,૦૦૦/-

(૨) કવર પેજ નં. ૪ (મલ્ટી કલર) વાર્ષિક ૧૦ અંક માટે (દિવાળી અંક સિવાય) — રૂા. ૧૫,૦૦૦/-

(૩) ફુલ પેજ સીંગલ કલર એક અંક માટે — રૂા. ૪૦૦/-

(૪) હાફ પેજ સીંગલ કલર એક અંક માટે — રૂા. ૨૦૦/-

(૫) પેનલ જાહેર ખબર (વાર્ષિક) — રૂા. ૮૦૦/-

(૬) લગ્ન વિષયક જાહેર ખબર — નિ:શુલ્ક

**- નિશીથ+ પરીખ, વ્યવસ્થાપક**

# આટલું જરૂર કરીએ ...

✤ કુટુંબના સારા પ્રસંગે 'વાયડામિત્ર'ને યાદ કરીને યથાશક્તિ નાની ભેટ જરૂર મોકલાવીએ.

✤ સરનામામાં ફેરફારની જાણ તુરંત કરી નવું સરનામું આપીએ.

✤ લાઈફ મેમ્બરનું અવસાન થાય તો 'વાયડામિત્ર'ને જાણ કરી 'વાયડામિત્ર' બંધ કરાવીએ અને ઘરનાં અન્ય સભ્યનાં નામે મેમ્બર બની 'વાયડામિત્ર' સાથેનો અતૂટ નાટો રાખીએ.

✤ 'વાયડામિત્ર' ન મળે તો વ્યવસ્થાપકને વ્હોટસ્અપ અથવા એસ.એમ.એસ. થી જાણ કરી 'વાયડામિત્ર' મંગાવીએ...

✤ ધંધા રોજગારની નાની–મોટી જા.ખ. આપી વાયડામિત્રને મદદરૂપ બનીએ..

'વાયડામિત્ર' માટે વાર્તા, ગીત, લેખ આપણી પોતાની મૌલિક રચનાઓ નિયમિત મોકલીએ.

✤ 'વાયડામિત્ર'ને વધુ રસપ્રદ બનાવવા માટેનાં સૂચનો જરૂર મોકલીએ.

✤ આપણી દિવાળી જા.ખ. અથવા પેનલ જા.ખ. ની બીલની રકમ બાકી હોય તો વ્યવસ્થાપકનો સંપર્ક કરી રકમ સમયસર મોકલાવીએ.

✤ કુટુંબનાં યુવાન અને બાળ મિત્રોને 'વાયડામિત્ર'માં રસ લેવા પ્રોત્સાહિત જરૂર કરીએ.

## વાયડા મિત્ર ન મળવા અંગે ...

કેટલાંક સમયથી 'વાયડામિત્ર' નિયમિત ન મળવાની ફરિયાદ વધતી રહે છે. 'વાયડામિત્ર' નિયમિત રીતે દર માસની ૧૦મી તારીખે અચૂક પોસ્ટ કરવામાં આવે છે. પરંતુ કોઈક કારણોસર અંક નિયમિત મળતાં નથી માટે વાયડામિત્ર જે તે માસની ૨૫મી તારીખ સુધી ન મળે તો નીચેનાં સરનામેથી રૂબરૂમાં પણ મેળવી શકાશે.

(૧) ફોન : ૦૭૯–૨૬૬૩૦૫૭૧
શ્રી વાયુદેવતાજી મંદીર,
ભાવના ફ્લેટ પાછળ,
નારાયણનગર રોડ,
પાલડી, અમદાવાદ

(૨) ફોન : ૦૭૯–૨૭૪૧૨૧૯૩
શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ
બી/૩૦૬, રુદ્ર આર્કેડ,
મે–ફ્લાવર હોસ્પિટલ પાસે,
હેલ્મેટ સર્કલ ડ્રાઈવ–ઈન રોડ,
અમદાવાદ

(૩) મો. ૯૯૦૯૨૬૫૨૭૦
શ્રી ઉમાકાંતભાઈ જે. પરીખ
શ્રી જે. જે. પરીખ એન્ડ બ્રધર્સ
૧૯, મહાકાંત, એલીસબ્રીજ,
અમદાવાદ

(૪) ફોન : ૦૨૬૫–૨૩૩૫૨૫૯
શ્રી હર્ષદભાઈ શ્રોફ
પ્રણવ ઈલેક્ટ્રીકલ્સ,
૧૪/એ, રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ,
જુના પાદરા રોડ, વડોદરા

(૫) મો. ૯૮૨૪૬૬૭૩૨૩
શ્રી અજય અરવિંદભાઈ પરીખ
શ્રી ગીરીરાજ શુટિંગ શર્ટિંગ,
૩/૪, અવિપ કોમ્પ્લેક્ષ, સ્ટેટ બેંક રોડ,
વેરાઈ ચકલા, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

## અગત્યની સૂચના

- 'વાયડામિત્ર' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે. અંક કાળજીથી પોસ્ટ કરવામાં આવે છે પરંતુ ઘણી વાર અંક સમયસર મળતો નથી. અંક ન મળવા અંગે પ્રથમ પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. ત્યાર પછી વ્યવસ્થાપકને જાણ કરવી. અંક સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. ગ્રાહક નંબર અવશ્ય જણાવવો.
- લેખકોને પોતાની મૌલિક કૃતિઓ મોકલવાનું આમંત્રણ છે.
- લેખકોએ સારા અને સુવાચ્ય અક્ષરે અથવા ટાઈપ કરાવીને એ-૪ સાઈઝના કાગળની એક બાજુએ ૧૦૦૦ શબ્દોની મર્યાદામાં લખાણ મોકલવાનું રહેશે. લેખકોએ પોતાનુ નામ, સરનામું, ટેલીફોન નંબર, ઈ-મેલ તેમ જ સંક્ષિપ્ત પરિચય અવશ્ય મોકલવો.
- સ્વીકૃત કે અસ્વીકૃત મેટરની જાણ કરવામાં આવતી નથી. લખાણની એક નકલ પોતાની પાસે રાખીને જ મૂળ કૃતિ મોકલવા વિનંતી છે. અન્યત્ર મોકલેલી કે પ્રસિધ્ધ થયેલી કે ઝેરોક્ષ કૃતિઓ મોકલવી નહીં. અન્ય સામયિકોમાંથી મોકલેલું મેટર સ્વીકારવામાં આવતું નથી. પૂર્વગ્રહયુક્ત લખાણો સ્વીકારવામાં આવશે નહીં.
- પોસ્ટકાર્ડ / ઈનલેન્ડ લેટર અથવા ઝેરોક્ષનું લખાણ સ્વીકાર્ય નથી.
- 'વાયડામિત્ર' માં પ્રસિધ્ધ થતા લખાણોની વૈધાનિક કે સંવૈધાનિક જવાબદારી જે તે લેખકની રહેશે. લેખોના લખાણ, વિચાર કે અભિપ્રાય સાથે તંત્રી સંમત છે એમ માની લેવું નહીં.
- લેખો માત્ર તંત્રીશ્રીને જ મોકલવા. નાણાંકીય વ્યવહાર અથવા અંક માટેની ફરિયાદ માત્ર વ્યવસ્થાપકશ્રીને જ કરવાની રહેશે. જ્ઞાતિસમાચાર સમાચાર સંપાદકશ્રી ને જ મોકલવા. યોગ્ય વ્યક્તિને સમયસર લખાણ ન મળવાથી પ્રસિધ્ધિમાં વિલંબ થઈ શકે છે.
- આપની કૃતિઓ વાયડામિત્રના ઈમેલ આઈડી પર પણ મોકલી શકાશે.
- વાયડામિત્ર-સામયિક વાચકોનું, વાચકો માટે, વાચકો થકી છે.
- આપના પ્રતિભાવો અમારા માટે અમૂલ્ય છે. વાચકોના પત્રોને સ્થાન આપવામાં આવશે. જ્ઞાતિજનોનો સહકાર ઈચ્છનીય છે.



**Best Wishes From**

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

## RJP Infrastructure Pvt. Ltd.

**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

## J.J. Parikh & Brothers

**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

## J. Bipinchandra & Co.

**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

## J. J. Parikh Pharma Pvt. Ltd.

**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.

## Mrugesh J. Parikh – Advocate

**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

## JARUN Pharmaceuticals Pvt. Ltd.

**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No. 6316/57. Permitted to post at Ahmedabad PSO On 10th of every month under postal regd. No. MEH Dn.-296/2019-2021 Issued By SSP, Mehsana, Valid upto 31-12-2021

પ્રકાશન ૧૦/૪/૨૦૨૦



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH